CMYK

Website : www.rakhewaldaily.com    Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૮
તા.૦૫-૦૩-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ ફાગણ સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૯    સૂર્યાસ્ત : ૦૬:૪૩

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | 33.૨ | વડોદરા | ૩૪.૨ |
| અમદાવાદ | 33.૫ | સુરત | ૩૪ |
| ગાંધીનગર | 33.3 | નલિયા | 33.૬ |

ચાંદી : ૪૩૦૦૦    સોનું : ૨૯૫૦૦

P.R.No. GBK/06/2015-17    RNI No 20508/71    Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ    પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭    જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

# ઉત્તરપ્રદેશ : છઠ્ઠા તબક્કામાં ૫૭ ટકાથી વધુ મતદાન

## છઠ્ઠા દોર બાદ ૬૩૫ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થયા : કુલ એક કરોડ ૭૨ લાખ મતદારો પૈકી ૫૭.૦૩ ટકાથી વધુ મતદારો દ્વારા મતાધિકારનો ઉપયોગ કરાયો : ૧૧મી માર્ચના દિવસે પરિણામ જાહેર કરાશે

લખનૌ

ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે આજે સાત જિલ્લાની ૪૯ બેઠક ઉપર શાંતિપૂર્ણ માહોલમાં ૫૭ ટકાથી વધુ મતદાન થયું હતું. મતદાનને લઈને પહેલાથી જ સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સાંજે પાંચ વાગ્યા સુધી ૫૭ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરી લીધો હતો. હવે ૧૧મી માર્ચના દિવસે ચૂંટણી પરિણામ જાહેર કરવામાં આવશે. અગાઉ ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા તબક્કા માટે આજે શાંતિપૂર્ણ માહોલમાં મતદાનની શરૂઆત થઈ હતી. શરૂઆતમાં જ કેટલીક જગ્યાએ મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. જો કે કેટલાક ભાગોમાં શરૂઆતી સમયમાં ઓછા મતદારો પણ દેખાયા હતા. પાંચમાં તબક્કામાં ઓછુ મતદાન રહ્યા બાદ રાજકીય પક્ષોમાં ઉત્તેજના વધી ગઈ હતી. છઠ્ઠા તબક્કામાં સાત જિલ્લાની ૪૯ બેઠકો માટે આજે સવારે મતદાનની શરૂઆત થઈ હતી.

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### એક ઝટકે ઉખેડવાનો

અસ્પૃશ્યતા અન્યાયમૂલક છે, તેમાં ધર્મ નથી પણ અધર્મ છે, એ વાત લોકોને ઠીક ઠીક ગળે ઉતરવા લાગી છે. તોપણ એમ કહેનારા ઘણા મળે છે કે હજારો વર્ષથી ચાલતી આવેલી રૂઢિ- અને તે પણ ધર્મને નામે ચાલતી રૂઢિ- એકદમ નહીં તૂટી શકે. જરા ધીમેથી કામ લેવાવું જોઈએ.

ધીરેથી કામ લેવાનું આ તત્વજ્ઞાન બહુ ભયંકરછે. અમેરિકન સ્વાતંત્ર્યવીર વિલીયમ લોઈડ ગેરીસને જ્યારે કમર કસીને ગુલામીનો વિરોધ કરવા માંડ્યો ત્યારે વહેવારદક્ષ લોકો તેને કહેવા લાગ્યા કે, “આમ જહાલ ન થશો; જરા ધીરેથી ચાલો, હળવે હળવે પગલાં માંડો.” તે વખતે ગેરીસને જવાબ વાળેલો કેઃ

“હળવે હળવે પગલાં કેમ માંડવાં તે હું સમજતો નથી. તમારા ઘરને આગ લાગી હોય ત્યારે કોઈ તમને કહે કે, બંબો જરા આસ્તેથી ચલાવો, પાણી જરા થોડું થોડું છાંટો, તો તમે તેનું કેટલું સાંભળશો? તમારૂં ઘર લૂંટનાર ચોરનો હળવે હળવે વિરોધ તમે કેવી રીતે કરશો? તમારી માતા પર અત્યાચાર કરવા પ્રવૃત્ત થયેલા નરાધમનો પ્રતિકાર હળવેથી શી રીતે કરી શકશો?”

સુધારો કે પ્રગતિ ભલે આરામથી ચાલે, પરંતુ અન્યાયનું મૂળ તો એક ઝટકે ઉખેડવું જોઈએ; કંઈ નહીં તો આપણો પ્રયત્ન તો તે જ હોવો જોઈએ. નિર્ભેળ અન્યાય, હડહડતું પાપ, મહા અધર્મ, માણસની સ્વતંત્રતાની પગ નીચે કચડવી- એ બધાં સાથે છૂટછાટ શી મૂકવી? શરીરમાં ગરમ લોહીનું એક ટીપું પણ રહ્યું હોય ત્યાં સુધી, આ અનાચારનો તીવ્રમાં તીવ્ર નિષેધ જ કરવો જોઈએ. કાં તો અસ્પૃશ્યતાની જડ ઊખડી જવી જોઈએ અથવા ઉઘાડી આંખે તે જોઈ રહેનાર આપણો સદંતર નાશ થવો જોઈએ.

- કાકા કાલેલકર

## પાટણના ઈલમપુર ગામની સીમમાંથી દશ શકુનીઓ ઝડપાયા



પાટણ

ઈલમપુર ગામની સીમમાં આવેલ ખુલ્લા ખેતરમાં ચાલતા જુગારધામ ઉપર પાટણ એલ.સી.બી., એસ.ઓ.જી. અને બી.ડીવીઝન પોલીસે સંયુક્ત રીતે ઓચિંતો છાપો મારી રોકડ તથા જુગારના સાહિત્યો મળી કુલ રૂા.૨,૭૦,૨૪૦ ના મુદ્દામાલ સાથે ૧૦ શકુનીઓને ઝડપી તેઓની અટક કરતા અન્ય જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પાટણ શહેર સહિત જિલ્લાના તાલુકા મથકો ઉપર

અનુસંધાન પાના નં.૬

**પકડાયેલ જુગારીયા**

ઠાકોર સુરેશજી અમરતજી રહે.શ્રમજીવી સોસાયટી, ઠાકોર જીતેન્દ્રકુમાર હસમુખજી રહે.ખાલકપરા, દરજી સુરેશકુમાર નાનાલાલ, રહે. સાગોટાની પહેલી શેરી, પટેલ ચંદ્રકાન્ત શંકરલાલ રહે.વસુંદરા પાર્ક, અંબાજી નેળીયું, પ્રજાપતિ રાજુભાઈ મહેશભાઈ રહે.સુભાષચોક, મેમણ સબ્બીરહુશેન અબ્દુલકરીમ - રહે.ડીસા, ઠાકોર અજીતસિંહ જયંતીજી રહે.ઈલમપુર, પટેલ અંકિતકુમાર કીર્તિભાઈ રહે.ડીસા, સોમનાથ ટાઉન, મેમણ જાકીરહુસેન હારૂનભાઈ રહે.થરાદ હનુમાનશેરી, શેખ જાકીરભાઈ નાથુભાઈ રહે.કાલીબજાર, પાટણ

## ધાનેરાના ધાખામાંથી બોગસ ડોક્ટર ઝડપાયો

### આરોગ્ય વિભાગની લાલ આંખથી બોગસ ડોકટરોમાં ફફડાટ

(તા.પ્રતિનિધિ) ધાનેરા

ધાનેરા તાલુકાના ધાખા ગામેથી આરોગ્ય વિભાગની ટીમે બોગસ ડોકટરને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની તજવીજ હાથ ધરી હતી. તેથી બની બેઠેલા બોગસ ડોકટરોમાં ફફડાટ ફેલાયો છે.

ધાનેરા તાલુકામાં તેમજ શહેરમાં બોગસ ડોકટરો દવાખાનાઓ ખોલી એલોપેથીક પ્રેક્ટીસ કરી રહ્યા છે અને લોકોના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા છે. આવા લે ભાગું ડોકટર સામે ધાનેરાના નાગરીકે પ્રગતી સેવા સેતુમાં તથા કલેકટર અને જિલ્લા આરોગ્ય અધિકારીને રજુઆતો કરી હતી. જે અંતર્ગત જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.આચાર્યની સુચનાથી જિલ્લામાંથી આરોગ્ય વિભાગની ટીમે એલોપેથીક ડોકટરની પ્રક્ટિકસ કરતા તબિબો સામે તપાસ હાથ ધરી હતી. જેમાં ધાનેરાના મેડીકલ ઓફિસર અને ફાર્માસિસ્ટની ટીમે ધાખા ગામે એલોપેથીક પ્રેકટીસ કરતા પ્રભુભાઈ માળીના દવાખાને તપાસ કરતા કોઈપણ જાતની ડીગ્રી મળી ન આવતા તથા મેડીકલ કાઉન્સીલ કે ઈન્ડિયન મેડીકલ કાઉન્સીલમાં નોંધણી ના હોવાથી તેમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત તેની પાસેથી વિવિધ પ્રકારની દવા પણ મળી આવી હતી. જેથી તેની વિરૂધ્ધ ફરીયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી હતી.

## અર્બુદા ક્રેડીટ સોસાયટીના સૂત્રધારનો મેસેજ વાયરલ

### પોલીસ દ્વારા રેકર્ડ કબ્જે લઈ શાખા મેનેજરોની આકરી પૂછપરછ

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં આવેલી અર્બુદા ક્રેડીટ કો.ઓપરેટીવ સોસયટીની શાખાઓમાં પોલીસ દ્વારા તપાસના ધમધમાટ વચ્ચે અંદાજે ૫૦૦ કરોડની ઉચાપતના મુખ્ય સૂત્રધારનો વોટસઅપ મેસેજ ‘વાયરલ’ થતા ચકચાર મચી જવા પામી છે.




રાજસ્થાનના માઉન્ટ આબુમાં મુખ્ય ઓફીસ ધરાવતી મલ્ટીપલ ધી અર્બુદા ક્રેડીટ કો - ઓપરેટીવ સોસાયટીની બનાસકાંઠા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર, ડીસા, ભીલડી દિયોદર અને ભાભરમાં શાખાઓ ખોલવામાં આવી હતી. જ્યાં ઉંચા વ્યાજની લાલચમાં અનેક ગ્રાહકોએ ખાતા ખોલાવી વિવિધ સ્કીમોમાં રૂપિયાનું રોકાણ કર્યું હતું. પરંતુ સોસાયટીનો મુખ્ય સંચાલક રાકેશ ઉર્ફે બોબી અગ્રવાલ ગ્રાહકોના કરોડો રૂપિયાની ઉચાપત કરી ભૂગર્ભમાં ઉતરી ગયો છે. જેથી ગ્રાહકોના કરોડો રૂપિયા સલવાઈ ગયા છે. લોકોના પરસેવાની કમાણી ડૂલ થતા રોકાણકારોને રોવાનો વારો આવ્યો છે. જેના પગલે ગાંધીનગર સી.આઈ.ડી. ક્રાઈમને તપાસ સોંપાઈ છે. જેમાં જિલ્લાની એલ.સી.બી. પોલીસ પણ તપાસમાં જોતરાઈ છે. તેથી બંધ પડેલી શાખાઓના તાળા ખોલી મહત્વના દિસ્તાવેજી પુરાવા પોલીસ દ્વારા એકત્ર કરાયા છે અને હવે પોલીસ દ્વારા શાખા મેનેજરોની આકરી પૂછપરછ કરી તેમના નિવેદનો લેવાઈ રહ્યા છે તે સમયે જ અંદાજે ૫૦૦ કરોડની ઉચાપતના મુખ્ય સૂત્રધાર રાકેશ ઉર્ફે બોબી અગ્રવાલનો વોટસઅપ મેસેજ ફરતો થયો છે. જેમાં તેણે જણાવ્યું છે કે એમ.ડી.તરીકે તમામના રૂપિયા ચૂકવવાની જવાબદારી મારી છે મારી પાસે રોકડ નથી પણ મિલકત ઘણી છે તમામ અર્બુદા

અનુસંધાન પાના નં.૬

## ગતકડું...!

- દેવેન વ્યાસ



રાંધણ ગેસના બાટલાના ભાવ વધારાની ચિંતા શા માટે કરે છે ? આપણી પાસે રાંધણ ગેસ જ કયાં છે?

**ચૂંટણી આચારસંહિતાનો તાત્કાલિક ધોરણે અમલ**

## ૧૫ નપાની ૧૭ સીટ માટે બીજી એપ્રિલે પેટા ચૂંટણી

### ૫ એપ્રિલના દિને મતગણતરી હાથ ધરાશે : ઈવીએમથી મતદાન અને નોટા માટે પણ ઉપયોગ કરવા માટે વિકલ્પ

અમદાવાદ

રાજ્યની ૯ જિલ્લાઓની ૧૫ નગરપાલિકાઓમાં ખાલી પડેલી કુલ ૧૭ બેઠકો માટે તા. ૨ એપ્રિલ ૨૦૧૭ના રોજ પેટાચૂંટણી યોજાશે અને તા. ૫મી એપ્રિલ ૨૦૧૭ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. રાજ્યના ચૂંટણી આયોગે આજે નગરપાલિકાઓની ખાલી બેઠકો માટે પેટાચૂંટણી યોજવાનો કાર્યક્રમ જાહેર કર્યો છે. જેના માટે તા. ૧૦મી માર્ચ ૨૦૧૭ના રોજ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવશે આ દિવસથી જ ઉમેદવારીપત્રો ભરવાનો પ્રારંભ થશે. ૧૫ નગરપાલિકાઓના પેટાચૂંટણી હેઠળના જિલ્લાઓ માટે આજથી જ ચૂંટણી આચાર સહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આ પેટાચૂંટણીમાં ઈવીએમ દ્વારા મતદાન થશે અને હાઈકોર્ટના આદેશ મુજબના નોટાનો પણ મતદારો ઉપયોગ કરી શકશે.

અનુસંધાન પાના નં.૬

## વડાવળ નજીકના અકસ્માતમાં બેના મોત : એકને ગંભીર ઈજા





નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળ પાટીયા નજીક સાંજના સુમારે ડીસા તરફથી ત્રણ સવારી આવી રહેલ બાઈક નંબર જી.જે.૦૮.એજી. ૪૫૧૦ ને અજાણ્યા વાહને ટક્કર મારતા બાઈક સ્લીપ ખાતા ગંભીર અકસ્માત સર્જાતાં બાઈક સવાર કાકા-ભત્રીજાનું ઘટના સ્થળે જ મોત થવા પામ્યુ હતુ જ્યારે મંજુલાબેન ઠાકોરને ગંભીર ઈજાઓ થતા તાત્કાલીક ૧૦૮ માં સારવાર અર્થે ખસેડાયા હતા.

આ અંગે મળતી વિગતો પ્રમાણે સાંજના ૬ વાગ્યાના સુમારે ડીસા તરફથી બાઈક પર ખીમાણા તા.કાંકરેજના પરબતજી સ્વરૂપજી ઠાકોર અને ભરતજી વાઘાજી ઠાકોર અને એક મંજુલાબેન ઠાકોર ખીમાણા તરફ જઈ રહ્યા હતા ત્યારે વડાવળ પાટીયા નજીક બાઈકનો અકસ્માત થતાં પરબતજી સ્વરૂપજી ઠાકોર અને ભરતજી વાઘાજી ઠાકોરનું ઘટના સ્થળે મોત થઈ જવા પામ્યુ હતું. જ્યારે મંજુલાબેનને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે ખસેડાયા હતાં. અકસ્માતની જાણ થતાં ભીલડી પી.એસ.આઈ. બી.એન. મોકવડિયા અને તેમના સ્ટાફે ઘટના સ્થળે દોડી આવી લાશને પોસ્ટમોર્ટમ માટે ભીલડી ખસેડી હતી. અને અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## પાટણમાં જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા વડાપ્રધાનના પૂતળાનું દહન





### રાંધણ ગેસમાં ભાવ વધારાનો ઉગ્ર વિરોધ

પાટણ

પાટણ જિલ્લા યુથ કોંગ્રેસે રાંધણ ગેસના ભાવ વધારાના વિરોધમા શહેરના બગવાડા દરવાજા ખાતે મોટી સંખ્યામાં એકત્ર થઈ ભારત સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચારો પોકારી વડાપ્રધાનના પુતળાનું દહન કરી ઉગ્ર વિરોધ પ્રદર્શીત કર્યો હતો.

ભારત સરકાર દ્વારા છાશવારે પેટ્રોલિયમ પેદાશોના ભાવોમાં વધારો થઈ રહ્યો છે. તેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના પારાવાર મુશ્કેલીઓ વેઠવી પડે છે ત્યારે તાજેતરમાં સરકારે ફરીવાર રાંધણ ગેસના સિલિન્ડરમાં રૂા.૮૬નો વધાર કરીને દેશની ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની કમર તોડી નાખી છે જેથી સમગ્ર દેશમાં સરકારના આ ભાવ વધારાનો વિરોધ કરવામાં આવી રહ્યો છે ત્યારે પાટણમાં પણ રાંધણ ગેસના ભાવ વધારાના વિરોધમાં પાટણ જિલ્લા યુથ કોંગ્રેસના કાર્યકરો-આગેવાનોએ મોટી સંખ્યામાં બગવાડા દરવાજા ખાતે એકત્ર થઈ હાથમાં મોઘવારી વિરોધી બેનર અને પ્લેકાર્ડ ધારણ કરી સૂત્રોચ્ચારો પોકારી દેખાવો કરી દેશના વડાપ્રધાનનું પૂતળા દહન કરી પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં યુથ કોંગ્રેસ પ્રમુખ ભાવિક રામી, ભૂરાભાઈ જોષી, જયેન્દ્રસિંહ રાજપૂત સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો કાર્યકરો અને મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

**બેસણું**



સ્વ.શ્રી કાનજીભાઇ વિરસંગભાઇ જેગોડા
(મંત્રી, વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળ)
સ્વ.તા.૦૪-૦૩-૧૭, શનિવાર

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી કાનજીભાઇ વિરસંગભાઇ જેગોડાનો તા.૦૪-૦૩-૨૦૧૭ ને શનિવારે સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણું તા.૦૮-૦૩-૨૦૧૭ ને બુધવારના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

સ્થળ : અર્બુદાનગર, ડેરી પાછળ, મેમદપુર, તા.વડગામ, જિ.બ.કાં.

લિ.
કિશોરભાઇ કાનજીભાઇ જેગોડા
કેશરભાઇ કાનજીભાઇ જેગોડા
તથા સમસ્ત જેગોડા પરિવાર મેમદપુર

**સૂર્યોદય -૭.૦૦ સૂર્યાસ્ત - ૬.૪૩**

## તિથિદર્શન
ફાગણ સુદ ૬ શનિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ફાગણ સુદ છઠ્ઠ શનિવાર સાતમનો ક્ષય નક્ષત્ર:કૃતીકા રાત્રે ૧૦.૨૯ પછી રોહીણી યોગ:વૈધૃતી કરણ:ગર આજે જન્મેલા બાળકની વૃષભ (બ.વ.ઉ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

**કિં કન્દ્રાં કન્દરેભ્યઃ પ્રલયમુપગતા**
**નિર્ઝરાવા ગિરિભ્યઃ પ્રધ્વસ્તાવા તરૂભ્યઃ**
**સરસફલમૂલો વલ્કલિન્યશ્ચ શાખાઃ**
**વીશ્યેન્તે મન્મુષાનિ પ્રસભમપમત પ્રશ્રયાણાં ખલાના**
**દુપોપાત્તાલ્યવિત્તસ્મય પવન વશાન્નર્તિત ભૂલતાનિ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'ઉદર ભરવાનો રોગ' નામના પ્રકરણમાંથી છેઃ

'શું ગુફાઓમાંથી કંદમૂળ નાશ પામી ગયાં છે? શું પર્વતો પરથી ઝરણાં વહેતાં ખૂટી ગયા છે? સુંદર ફળો સાથેની અને વલ્કલને ધારણ કરનારી ડાળીઓ શું વૃક્ષોપર તૂટી અલગ થઈ ગઈ છે? કે જેથી વિનય વગરના, ખલ, દુષ્ટ- દુર્જન પુરુષોનાં મુખ જોવાં પડે છે! એવાં મુખ જે દુષ્કાર્યો દ્વારા મેળવેલ અલ્પ ધનના અભિમાનને કારણે જેની સદાય ગુસ્સામાં ભૂકુટિ ખેંચાયેલી જ રહે છે!' આજના નેતાઓ- રાજકારણીઓ તુમાખી, અધિકારીઓ દંભી- કપટી- માયાવી, સાધુ- સંતો અંચળા ઓઢેલા, ગુરુજન- શિક્ષકો સમાજમાં એવાં એવાં સ્થાન પચાવી પાડી બેઠા છે કે નિર્દોષ- સરળ- ભોળા માનવીઓને હરીફરી એમના જ પગ ચાટવા અને મોઢાં જોવા ફરજિયાત એમની સેવા- છત્રછાયામાં જવું પડે છે ત્યારે આવા અભિમાન- ગુસ્સાવાળા એ સર્વ પોતાની ભ્રૂકુટિ ખેંચી ગુસ્સામાં - દંભમાં જેટલું ખેંચાય એટલું 'લોહી' લોકોનું પી જાય છે, એ કામ તો કરવું હોય તો જ કરે, કે ઈશ્વરકૃપાથી આપોઆપ થઈ જાય પણ આપણને આવા લોકોનાં મોઢાં બોલાવવાં પડે છે.

જેવાં આપણાં દુર્ભાગ્ય, બીજું શું?!

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાદ-વિવાદમાં ન ઉતરવું.**
**વૃષભ : (બ.વ.ઉ.)વિશેષ કાર્યબોજને કારણે માનસિક અસ્વસ્થતા રહે. પ્રવાસમાં લાભ.**
**મિથુન : (ક.છ.ઘ.)વ્યવસાયના કારણે વ્યર્થ દોડા-દોડી થાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.**
**કર્ક : (ડ.હ.) મનની મુરાદ બર ન આવે. મહત્વના કાર્યમાં વિઘ્ન આવે.**
**સિંહ : (મ.ટ.) પ્રિયજન સાથે મુલાકાતમાં સફળતા મળે. કઠિન કાર્યો સરળ બને.**
**કન્યા : (પ.ઠ.ણ.)દરેક પ્રકારના કાર્યમાં સફળતા મળે. સ્વજનથી મુલાકાત થાય.**
**તુલા : (ર.ત.)વ્યર્થ ચિંતા રહે. મહત્વના કાર્યમાં પ્રતિકૂળતા આવે.**
**વૃશ્ચિક : (ન.ય.)આર્થિક ચિંતા રહે. માનસિક અસ્વસ્થતા રહે. કાર્યભાર વધે.**
**ધન : (ભ.ફ.ધ.)પડવા-વાગવાથી સંભાળવું. અપયશના ભોગ બનવાનો પ્રસંગ જણાય.**
**મકર : (ખ.જ.)સંતાનથી લાભ મળે. તમારા પ્રયત્નો ફળતા જણાય.**
**કુંભ : (ગ.શ.સ.) ધીરજની કસોટી થાય. મનમાં અશાંતિ રહે.**
**મીન : (દ.ચ.જ.થ.)મહત્વના કાર્યમાં વિઘ્ન આવે. કાર્યબોજ વિશેષ રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

સામ્યવાદી જગતના સૂત્રધાર જોસેફ સ્ટાલિનની પુણ્યતિથી છે.

એમનો જન્મ ઈ.સ.૧૮૭૯માં કોડેસરાના પહાડી પ્રદેશમાં આવેલા દીદી-લોલો નામના ગામમા એક મોચી કુટુંબમાં થયેલો. એમનું મૂળ નામ જોસેફ વિસારિયો નોવિચ મુગા સ્વીલા હતું.

લેનિનના જમણા હાથ સમા સ્ટાલિનનો અભિગમ વિધાયક હતો. રશિયાને સુખી,સમૃધ્ધ અને બાહ્ય આક્રમણોથી સુરક્ષિત બનાવવા માટે સ્ટાલિનને જે કાંઈ જરૂરી લાગ્યું તે બધું જ કર્યું. આ મહામાનવનું તા. ૫-૩-૧૯૫૩ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# દીઓદરમાં પૂર્વ શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો



તાલુકા પ્રતિનિધિ દીઓદર

મહેસાણા જિલ્લાના પીંપળના વતની અને આજથી ૩૫ વર્ષ પૂવે દીઓદરને કર્મભૂમિ બનાવી શિક્ષક તરીકે જોડાયેલા રસીકલાલ ડુંગરભાઈ પટેલ (આર.ડી.)નો વિદાય સમારોહ દીઓદર પ્રાથમીક શાળા નં.૭ દ્વારા જી.આઈ.ડી.સી.ખાતો યોજવામાં આવેલ.

દીઓદર તાલુકામાં શિક્ષક તરીકે જોડાઈ શિક્ષણની જયોતને ઝળહળતી કરવામાં મહત્વનું યોગદાન આપનાર આર.ડી. પટેલ દીઓદરની રબારીવાસ શાળા હોય કે રામદેવપીર શાળા હોય ત્યાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો શિક્ષણથી વંચીત ન રહી જાય તે માટે સખ્ત પરીશ્રમ ઉઠાવી સરકારી શાળા એજ શિક્ષણનો મહત્વનો પાયો છે. તે સાર્થક કરવા સાથે સાથે વાલીઓનો વિશ્વાસ સંપાદન કરી જ્યાં જ્યાં નોકરી કરીને શાળાને ટોચ ઉપર લઈ જવામાં સ્ટાફના સહયોગથી મહત્વની ભૂમીકા અદા કરેલ. સાથે-સાથે દીઓદરમાં લાયન્સ કલબની સ્થાપના હોય કે ભારત વિકાસ પરીષદ જેવી અનેક સેવાભાવી સંસ્થાઓ તથા દીઓદર તાલુકા નાગરીક મંડળીમાં વાઈસ ચેરમેનની મહત્વની ભૂમિકા સાથે સાથે ૨૧ વર્ષથી બંધ રહેલ જીવન પ્રકાશ સાર્વજનિક પુસ્તકાલયને શરૂ કરાવવામાં મહત્વનું યોગદાન આપેલ.સાથે સાથે દીઓદરમાં શેઠ કે.બી. વિદ્યામંદિર નામક હાઈસ્કુલ શરૂ કરાવવામાં મહત્વનું યોગદાન આપેલ જેમને આજે તેમના સ્ટાફગણ, શિક્ષકગણ, મિત્ર મંડળ, સ્નેહીજનો દ્વારા તેમના કાર્યોની સુવાસને ફેલાવી તેમને સન્માનીત કરવામાં આવેલ.

આ પ્રસંગે દીઓદરના પૂર્વ સરપંચ જોરાભાઈ દેસાઈ,શિક્ષક સંઘના પૂર્વ પ્રમુખ ખેતારામભાઈ જોષી,શિક્ષક મંડળીના ચેરમેન અમરતભાઈ ભાટી,કરસનજી વાઘેલા,મહાદેવભાઈ પરમાર, ટી.કે. પટેલ, મંડળીના ચેરમેન છનાજી ઠાકોર, શાળા નં.૨ના આચાર્ય ભદ્રસિંહ રાઠોડ સહીત પ્રાથમિક શાળાના આચાર્યઓ, શિક્ષક મિત્રો, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આર.ડી. પટેલ દ્વારા શિક્ષણની જયોતને પ્રવજ્જલીત કરવામાં તેમના અપાયેલા યોગદાનને ઉજાગર કરેલ.

અનુસંધાન પાના નં.૬

# થરાદ તાલુકાના દુધવા ગામે દિવ્યાંગ બહેનોની તાલીમ યોજાઈ



થરાદ

દુધવા ગામે પીએચસી કેન્દ્ર ખાતે ડબ્લ્યુડબ્લ્યુડીએસ બહેનોની ટ્રેઈનિંગ યોજાઈ. જેમાં ડૉ.ભાંણજીભાઈ ચૌધરી, ડૉ.રિયલબેન એમપીએચડબ્લ્યુ દેવજીભાઈ એફએચડબ્લ્યુ, આશાવર્કર બહેનો હાજર રહી હતી. તેમજ અંધજનમંડળ- વસ્ત્રાપુર (અમદાવાદ) દ્વારા ચાલતો 'સમ્મલિત વિકાસ જાણકારી' પ્રોજેક્ટના કો. ઓર્ડિનેટર, વનરાજભાઈ તેમજ તેમની સાથે આનંદ દવે, લક્ષ્મણભાઈ ઠાકોર, હસમુખ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. જેમણે દિવ્યાંગ બહેનોને વિવિધ યોજનાઓ જેવી કે સર્ટીફિકેટથી મળતા લાભો તેમજ બસપાસ, રેલ્વેપાસ, નિરામયા હેલ્થ પોલિસી, શિષ્યવૃત્તિ, સાધન સહાય, પેન્શન યોજના વગેરે યોજનાઓ વિશે વિસ્તૃત સમજ પૂરી પાડી હતી. તેમજ દિવ્યાંગ બહેન-ભાઈઓને પડતી મુશ્કેલીઓ વિશે જાણવાનો પ્રયત્ન પ્રશ્નોતરી કરીને કરવામાં આવ્યો હતો. તેમજ તેના યોગ્ય જવાબ આપીને નિરાકરણ પણ કરવામાં આવ્યું હતું. તેમજ આ ટ્રેઈનિંગમાં કુલ- ૫૫ ભાઈઓ-બહેનો હાજર રહ્યા હતા. તેમજ દરેકે યોગ્ય માર્ગદર્શન પણ મેળવ્યું હતું.

# થરા લાયન્સ ક્લબના હોદ્દેદારોનો પદગ્રહણ સમારોહ યોજાશે

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના થરા નગરમાં સેવાકીય કાર્યની સુવાસ ફેલાવનાર લાયન્સ ક્લબ થરાના વર્ષ -૨૦૧૬-૧૭ ના હોદ્દેદરોની પદગ્રહણ વિધિ જલારામ મંદિર ખાતે આજે તા. ૫/૩/૧૭ ના રોજ સાંજે ૫-૩૦ ક. લા. સુરેશભાઈ શાહ પાસ્ટ ડિસ્ટ્રીક્ટ ગવર્નર ૩૨૩ બી કરાવશે. આ સમારંભના મુખ્ય મહેમાન પદે અમૃતભાઈ વી.આલ ડે. મામલતદાર -ગાંધીનગર તથા અતિથિ વિશેષ પદે ચંદ્રસિંહ વી.વાઘેલા પ્રગતિ બેંકના ચેરમેન ચીનુભાઈ પાંચાણી રહેશે. ૨૦૧૬-૧૭ ના હોદ્દેદારોમાં પ્રમુખ પદે પૃથ્વીરાજસિંહ સી.વાઘેલા ઉપપ્રમુખ પદે અલ્પેશ સી. શેઠ મંત્રી પદે કનુભાઈ બી.ઠક્કર, ખજાનચી પદે લીલાભાઈ જી.દેસાઈ, ટેમર- તરૂણભાઈ વી. ઠક્કર, ટેમર ટ્વીસ્ટર- નિરંજનભાઈ એન. ઠક્કર રહેશે. બોર્ડ ઓફ ડિરેક્ટરમાં લા. ગોવિંદભાઈ વી.પટેલ, રાકેશભાઈ શાહ, અતુલભાઈ ફોફાણી, ભરતભાઈ શાહ, દેવેન્દ્રકુમાર સી. શાહ, અણદાભાઈ એસ.પટેલ શપથ ગ્રહણ કરશે.

આ પ્રસંગે રીજીયન ચેરમેન હસમુખભાઈ મજેઠીયા (રીજી-૭), ઝોન ચેરમેન ડૉ.રિતેશભાઈ પ્રજાપતિ (રિજીયન-૭ ઝોન-૧) ખાસ ઉપસ્થિત રહેશે.

સ્થાપક પ્રમુખ પ્રવિણકુમાર એસ.પાંચાણી વર્તમાન પ્રમુખ સંજયભાઈ બી.સોની તથા નગરના અગ્રણી નાગરિકો પદગ્રહણ વિધિ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી શુભકામના પાઠવશે.

# અમીરગઢ તાલુકા નાયી સમાજની સાધારણ સભા મળી



વિશાલ નાઈ

(તા.પ્રતિનિધિ) અમીરગઢ

અમીરગઢ ખાતે આવેલ દેવ ડુંગરપુરીજી ધુંણી સમાધિ સ્થળે સમસ્ત અમીરગઢ તાલુકાના નાયી સમાજની પ્રથમ સાધારણ સભા મળી હતી.

સભાના આરંભે સંતો-દેવ સ્મરણ બાદ જિલ્લામાંથી પધારેલ આગેવાનોમાં જિલ્લાના મંત્રી વિનોદભાઈ દાંતા તાલુકા લિંબાચીય યુવા સંગઠનના પ્રમુખ દુર્ગેશભાઈ પાલનપુર તાલુકાના પ્રમુખ કળુભાઈ નાયી, મંત્રી દિપકભાઈ અગ્રણી જગદીશભાઈ અને મુકેશભાઈનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આવેલ અગ્રણીઓએ સમાજમાંથી કુરિવાજો દુર કરવા, વ્યસનમુક્તિ અને સંસ્કાર સાથેના અભ્યાસ પર ધ્યાન આપવા આહ્વાન કર્યું હતું અને સમાજના યુવાનોને આધુનિક શિક્ષક પ્રાપ્ત કરી કુટુંબ, સમાજ અને ગામને વિકાસ માર્ગે લઈ જવામાં યોગદાન આપવા જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મોહનભાઈ નાયી, મહેશભાઈ નાયી, ઉકાજી નાયી, પ્રતાપભાઈ નાઈ અને માવળ ઈકબાલગઢ સરોત્રાથી પધારેલ સમાજના યુવાધને જહેમત ઉઠાવી હતી. શ્રી ડુંગરપુરીજીની પવિત્ર ધુણી અને સમાધિને વંદન કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

**સર્વોદય આશ્રમ, સણાલી - સંચાલિત...**

# રાજમણિ વિદ્યાલય, સણાલી ખાતે શુભેચ્છા - સન્માન સમારોહ યોજાયો

સણાલી

૨૫, ફેબ્રુઆરી-૨૦૧૭ ના રોજ દાંતા તાલુકામાં આવેલ સર્વોદય આશ્રમ, સણાલી સંચાલિત રાજમણિ વિદ્યાલય, સણાલીમાં ધોરણ-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો શુભેચ્છા- સન્માન સમારોહ યોજાઈ ગયો.

સમારોહનું પ્રાસંગિક ઉદબોધન એવમ્ મહેમાનોનું શાબ્દિક સ્વાગત શાળાના આચાર્ય કામરાજભાઈ એસ.ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવ તેમજ અનુભવ રજૂ કર્યા હતા. તો સુરેશભાઈ પ્રજાપતિ અને નયનભાઈ જોષીએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. વિદ્યાર્થીનીઓ દ્વારા વિદાય ગીતો ગાવામાં આવ્યા હતા. જેના કારણે સમગ્ર વાતાવરણ ગમગીન બની ગયું હતું.

આ શુભેચ્છા સમારોહ સંસ્થાના સહ સંચાલક શ્યામભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શાળાના પૂર્વ આચાર્ય અને સંસ્થાના ટ્રસ્ટી વીરચંદભાઈ ડી.પંચાલ, અતિથિ વિશેષ તરીકે હરેશભાઈ બુંબડિયા અને શાંતિભાઈ પ્રજાપતિ (રેડક્રોસ પાલનપુર) તેમજ સંસ્થાના વ્યવસ્થાપક એન.ડી.ડાભી ઉપસ્થિત રહી શાળાના વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા. તેમજ ગત વર્ષે એસ.એસ.સી., એચ.એસ.સી.માં પ્રથમ/ દ્વિતીય/ તૃતીય સ્થાન પ્રાપ્ત કરનારને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા. અને વધુમાં વધુ સારું શિક્ષણ મેળવી સંસ્થા અને સમાજનું ગૌરવ કરવા જણાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આર.બી. નાયીએ કર્યું હતું. તેમજ સંસ્થાના તમામ કર્મચારીઓએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ડીસા કોલેજના ખેલાડી યશ પટેલની સંતોષ ટ્રોફીમાં પસંદગી



ભરત સુંદેશા

ડીસા

તાજેતરમાં રમાયેલ ફૂટબોલ રમતની ગૌરવશાળી ટ્રોફી એવી સંતોષ ટ્રોફી મધ્યપ્રદેશના સિંગલોરી ખાતે યોજાઈ. જેમાં ગુજરાત ફૂટબોલ ટીમમાં પસંદ થઈ. યશ પટેલ મધ્યપ્રદેશ સિંગલોરી ખાતે રમવા ગયેલ. યશ પટેલે સંતોષ ટ્રોફીમાં પસંદ થઈ ડીસા કોલેજ અને ડીસા શહેરને ગૌરવ અપાવેલ છે. યશ પટેલને ડીસા કોલેજના ટ્રસ્ટીઓ તથા નિયામકે તથા પ્રિ. વંદનાબેન તથા કોચ પ્રોફેસર ડૉ.આર.ડી. ચૌધરીએ બિરદાવ્યો હતો.

# શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલયમાં યોજાયેલ ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ



ડીસા

તા.૨૩/૨/૨૦૧૭ ને ગુરૂવારના રોજ શ્રી જે.ડી.અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલયની અંદર ધો.૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ ભરતદાન ગઢવીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ તથા મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. શાળાના શિક્ષક અશોકભાઈ પ્રજાપતિ દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. તાજેતરમાં જી.પી.એસ.સી. ની પરીક્ષામાં જવંલત સફળતા મેળવવા બદલ ભરતદાન ગઢવીનું શાલ દ્વારા શાળાના આચાર્ય જગદીશભાઈ પરમારે સન્માન કર્યું હતું. સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ મિસ્ત્રી તેમજ મેનેજીંગ ટ્રસ્ટી ખેંગારભાઈ પટેલે બાળકોને શુભેચ્છા પાઠવી હતી. શાળાના આચાર્ય જગદીશભાઈએ બાળકોને પરીક્ષાલક્ષી માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના શિક્ષક પ્રવિણભાઈ રાઠોડ તથા દિનેશભાઈ પઢિયારે વિદ્યાર્થીઓને સારા પરિણામ માટે શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ ભરતદાન ગઢવીએ વિદ્યાર્થીઓને સખત મહેનત અને ટાઈમ મેનેજમેન્ટ વડે જીવનમાં પ્રગતિ કરી શકાય છે તે સુત્રને જીવનમા ઉતારી જીવનમાં પ્રગતિ કરવાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

અંતમાં વિદ્યાર્થીઓને કુમકુમતિલક, સહિત અને મો મીઠુ કરાવીને વિદાય આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શાળાના શિક્ષક કાશીરામભાઈ રાજગોરે કર્યું હતું.

# ટોકરીયા શાળાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો



પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

તાજેતરમાં પાલનપુર તાલુકાની ટોકરીયા પ્રાથમિક શાળાનો એક દિવસીય શૈક્ષણિક પ્રવાસ યોજાયો. જેમાં તિરુપતિ ઋષીવનમાં ધોરણ ૧ થી ૮ ના બાળકો ગયા, તમામ બગીચાનું ખુલ્લી ગાડીમાં બેસી અવલોકન કર્યું, જુદી જુદી રાઈડ્સમાં બેઠા, જુલા જુલ્યા. શેડિંગ કાર ચલાવી, એફિલ ટાવર, તાજમહેલ, ગ્રીસના પૂતળા જોયા. સર્વે સાથે રહી પર્યાવરણની મજા માણી, આ પ્રવાસને સફળ બનાવવા શાળાના આચાર્ય પલ્લવભાઈ રાઠોડ, વાઘજીભાઈ જુડાલ, સંધ્યાબેન, સકીનાબેન, કુલસુમબેન, રોશનબેન, સીમાબેન, કોકિલાબેન તેમજ રામજીભાઈ રોટાતર તથા અન્ય સ્ટાફમિત્રોએ મદદ કરી હતી.

# ડી.જે.એન. મહેતા હાઈસ્કુલ જુનાડીસામાં ધો-૧૦, ૧૨ નો દિક્ષાંત સમારોહ યોજાયો



જુનાડીસા

ગત તા. ૨/૩/૧૭ ના રોજ સવારે ૯:૦૦ કલાકે હાઈસ્કૂલના પટાંગણમાં ધો-૧૦,૧૨ નો દિક્ષાંત સમારોહ યોજાયો. દિક્ષાંત સમારોહ પ્રસંગે વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવવા માટે લો કોલેજ ડીસાના પ્રિન્સીપાલ શ્રીમતિ રાજુલબેન દેસાઈ શાળાના ભૂતપૂર્વ આચાર્ય પી.વી.રાજગોર, લો કોલેજ પ્રોફેસર કલ્પેશભાઈ ઠક્કર, સરપંચ બબાભાઈ દેસાઈ, લાયઝન ઓફિસર લાભેશભાઈ સેવક, ભૂતપૂર્વ સરપંચ- જૈન શ્રેષ્ઠી કીર્તિભાઈ વારીયા, ઈબ્રાહીમભાઈ ચાવડા, મુંબઈથી મેનેજીંગ ટ્રસ્ટીનો પરિવાર પણ ઉપસ્થિત રહેલ. જેમને શાળાના આચાર્ય પી.વી.મહેતાએ આવકાર્યા. સૌનો આભાર માન્યો હતો. તમામ વક્તાઓએ વિદ્યાર્થીઓને નિષ્ઠાવાન નાગરિક બનવાની હાંકલ કરી સારા પરિણામની શુભેચ્છા પાઠવી હતી. રિટાયર્ડ થયેલ હેડ ક્લાર્ક ડી.સી. મકવાણાનું સ્વાગત કરી તેમને પણ શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર સ્ટાફની જહેમતથી કાર્યક્રમ ખૂબ જ સફળ રહેલ. સૌ સ્ટાફ બંધુઓએ પણ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમનું સંચાલન શાંતિભાઈ જોષીએ કર્યું.

# ભાભર શહેર કોંગ્રસ પ્રમુખનું સન્માન



(તા.પ્રતિનિધિ) ભાભર

ભાભર શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે રાઠોડ મહેશસિહ છનુભાની વરણી પ્રદેશ કોંગ્રેસ દ્વારા તાજેતરમાં કરવામાં આવી હતી. જેથી શનિવારે ભાભર જુના દરબાર સમાજ દ્વારા ભાભર શહેર કોંગ્રેસ પ્રમુખ મહેશસિંહ રાઠોડનું યુવાનો દ્વારા ફુલહાર પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતુ. સન્માન સમારોહમાં સમાજના વડીલો અને યુવાનો હાજર રહ્યા હતા.

# થરા કોલેજમાં ચિત્રસ્પર્ધા યોજાઈ

પ્રતિનિધિ થરા

એસ.એ.સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત શ્રીમતી કે.કે.શાહ આર્ટસ એન્ડ શ્રીમતી એલ.બી. ગુંજારીયા કોમર્સ કોલેજ, થરામાં કલા કૌશલ્ય ધારા અંતર્ગત તા. ૨૧/૨/૨૦૧૭ ના રોજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજના ૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. સ્પર્ધામાં અધ્યાપકોએ હાજર રહી પ્રોત્સાહન પુરુ પાડેલ. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ.એમ.એમ. જોષી, રાજપૂત જીતેન્દ્રસિંહ તખતસિંહ (એટીડી) તથા પ્રા.નયનાબેન ઠક્કરે સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કલા કૌશલ્ય ધારાના કૉ.ઓર્ડિનેટર પ્રા.ડૉ.મોનિકાબેન શાહે કરેલ.

# અમીરગઢ કોલેજમાં વન્ય પ્રાણી દિવસની ઉજવણી



તા.પ્રતિનિધિ અમીરગઢ

વિશ્વ વન્ય પ્રાણી દિવસ ૩ જી માર્ચ ૨૦૧૭ ની ઉજવણીના ભાગરૂપે બ.કાં.-વન વિભાગના ડીએફઓ આઈ.કે.બારડ તથા એસીએફ ડી.એસ.સોલંકીની સુચના તથા માર્ગદર્શન મુજબ અમીરગઢ રેજમાં લોકોમાં વન્ય પ્રાણી તથા રહેઠાણ તથા લુપ્ત થતી જતી પ્રાણીઓ તથા વનસ્પતિની વિવિધ જાતો બચાવવાના ઘનિષ્ઠ પ્રયાસના પ્રચાર પ્રસાર માટે અમીરગઢ કોલેજમાં વ્યાખ્યાન ગોઠવેલ. જેમાં કોલેજના વિદ્યાર્થીઓને સમજ આપવામાં આવી.

પ્રાથમિક શાળા તથા માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓની રેલી તથા વકતૃત્વ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરી પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા. વિદ્યાર્થી રેલી બેનર, સુત્રો તથા પ્લેકાર્ડ સાથે અમીરગઢના ચાંદની ચોક મુખ્ય બજાર વિસ્તારમાં ફરેલ. લોકોએ આવા પ્રયાસોને આવકાર આપેલ.

# વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળના મંત્રીનું દુઃખદ નિધન

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળના મંત્રી અને મેમદપુર ગામના અગ્રણી નિવૃત હોમગાર્ડઝ ઓફિસર કાંનજીભાઈ વિરસંગભાઈ જેગોડાનું ગઈકાલ શનિવાર તા. ૪/૩/૨૦૧૭ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સ્વ. કે.વી.જેગોડા વીસ ગામ ચૌધરી સમાજ ઝલાના પૂર્વ પ્રમુખ હતા અને શૈક્ષણિક - સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા, હોમગાર્ડઝ ઓફિસરની તેઓની સેવાઓ દરમ્યાન ગુજરાતના ગવર્નરે એવોર્ડ



આપેલ છે. ઉપરાંત ગૃહ વિભાગમાંથી અનેક ઈનામો- ખિતાબો દ્વારા તેઓનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. સ્વર્ગસ્થ સ્વભાવે માયાળુ- નિખાલસ અને હસમુખા હતા. તેમની અંતિમયાત્રામાં મેમદપુર ગામ સહિત તાલુકા જિલ્લાના તમામ સમાજોના આગેવાનો જોડાયા હતા.

# ભીલડી રેલ્વે પોલીસ મથક કાયમી કરવાની માંગ

(પ્રતિનિધિ) ભીલડી

ભીલડી રેલ્વે જંકશન છે. જયાં કાર્યરત રેલ્વે પોલીસ મથકમાં માત્ર ચાર પોલીસ જવાનો ફરજ બજાવે છે જેઓ લાંબી હદના કારણે ભારે વિમાસણમાં મુકાય છે તેથી પૂરતો સ્ટાફ ફાળવી પોલીસ મથક કાયમી કરવાની ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

ભીલડી રેલ્વે જંકશન છે. ગાડીઓની અવર-જવર વધુ રહે છે. ભીલડી રેલ્વે પોલીસની હદમાં સામાન્ય બનાવ બને તો છેક ૬૦ કિ.મી. દુર રાધનપુર પોલીસ સ્ટેશન સુધી જવુ પડે છે. હાલ ભીલડી રેલ્વે આઉટ પોસ્ટમાં હે.કો. અને ત્રણ કોન્સ્ટેબલો ફરજ બજાવી રહ્યા છે. ધાનેરા પાસે આવેલ ડુગડોલ તથા પાલનપુર જતા આવતા ચંડીસર સુધી ભીલડી રેલ્વે પોલીસની હદ આવેલી છે. તેના અનુસંધાને બલોધર ગામના વકીલ મગનભાઈ દેસાઈએ ભીલડીને કાયમી પોલીસ મથક ફાળવાય તો તેમજ ભીલડી-રાણીવાડા તથા નવીન લાઈન થયેલી ભીલડી-પાટણ રેલ્વે ટ્રેન પેરોલીંગ થઈ શકે તેમજ મુસાફરોને વધુ સુવિધા મળી શકે તેમ છે. ભીલડી-પાટણ રેલ્વે લાઈન ઉપર ચાલુ થયેલી જોધપુર-પાટણ ટ્રેનમાં પેસેન્જરોની વધુ પ્રમાણમાં અવર-જવર રહે છે. જયારે ભીલડીથી ડુગડોલ અવરજવર રહે છે. જયારે ભીલડીથી ડુગડોલ (રાજસ્થાન) બોર્ડર સુધીની કુલ ૧૧૪ કિ.મી. હોઈ અવર-જવર અકસ્માતના બનાવમાં તુરંત ઘટના સ્થળે પોલીસ પહોંચી કાર્યવાહી થઈ શકે જેથી ભીલડી આઉટ પોસ્ટને કાયમી પોલીસ સ્ટેશન બનાવવા માંગ કરી હતી.


જમીલ મેમણ

# કુંવારવાના પાટીયા પાસે બોલેરોની ટક્કરથી બાઈક ચાલક ઘવાયો

## ગંભીર હદે ઘવાયેલ ચાલક ધારપુર ખસેડાયો

પ્રતિનિધિ શિહોરી

કાંકરેજ તાલુકાના કુંવારવા ગામના પાટીયા પાસે ગઈકાલે તા. ૪/૩/૨૦૧૭ ના રોજ બાઈક ચાલક પોતાનું સ્પલેન્ડર બાઈક (નં.જીજે૮૫ ૯૬૩૬) લઈ કુંવારવા તરફ જઈ રહ્યો હતો. ત્યારે દિયોદરથી પુરઝડપે આવતી બોલેરો ગાડી (નં.જીજે ૮એએફ ૩૯૬૬) ના ડ્રાયવરે ગફલતભર્યું ડ્રાયવીંગ કરી બાઈકને ટક્કર મારતા બાઈક ચાલક ગંભીર રીતે ઘવાતા તાત્કાલિક શિહોરી રેફરલમાં સારવાર માટે લાવામાં આવેલ અને શિહોરીથી ધારપુર ખાતે વધુ સારવાર અર્થે ખસેડવામાં આવેલ બાઈક ચાલકને માથાના ભાગે અને હાથ પગ પર ગંભીર ઈજાઓ થયેલ. અકસ્માત થતા લોકોના ટોળેટોળા ઘટના સ્થળે એકત્ર થયેલ અને તાત્કાલિક અકસ્માતનો ભોગ બનનાર યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડવામાં આવેલ. આ યુવક માનપુર (શિ) નો હોવાનું જાણવા મળેલ.

# રમૂણ ત્રણ રસ્તેથી વિદેશી દારૂ ભરેલી ગાડી પકડાઈ

## રાજસ્થાની ચાલકની અટકાયતઃ રૂા. ૧૯,૮૯,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

આર.આર.સેલ કચ્છ- ભૂજ પોલીસે આગથળા પોલીસ મથક હદના રમૂણ ત્રણ રસ્તા હાઈવે ઉપરથી વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે રાજસ્થાની ચાલકની ધરપકડ કરી હતી. દારૂની હેરાફેરી સામે પોલીસની તવાઈથી બુટલેગરો ફફડી ઉઠ્યા છે.

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે ગુજરાત સરકારના નશાબંધી સુધારા વટહુકમના કડક અમલીકરણના આદેશો કર્યા છે. તેથી પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતા વાહનો સામે લાલ આંખ કરી છે. જેના કારણે જિલ્લામાંથી દરરોજ વિદેશી દારૂ ભરેલા વાહનો પકડાવાના સમાચારો અખબારોના પાને ચમકી રહ્યાં છે. ત્યારે બોર્ડર રેન્જ કચ્છ-ભૂજના પોલીસ મહા નિર્દેશક એ.કે.જાડેજાની સૂચનાથી આર.આર. સેલના પી.એસ.આઈ. એ.બી.પટેલ સ્ટાફના યશવંતસિંહ વાઘેલા, રમેશભાઈ ચૌધરી વગેરે સાથે સરહદી જિલ્લામાં નશાબંધી અંગે પેટ્રોલિંગ કરતા હતા. તે દરમ્યાન હેડ કોન્સ્ટેબલ યશવંતસિંહ વાઘેલાને મળેલ બાતમીના આધારે રમૂણ ત્રણ રસ્તા હાઈવે ઉપર નાકાબંધી ગોઠવી હતી. તે વખતે પુરઝડપે આવતી ટાટા ટ્રક (નં.આર.જે. ૧૬ જીએ ૨૮૯૩) ને રોકાવી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૮૪ પેટી મળી આવી હતી. તેથી પોલીસે વિદેશી દારૂ અને ગાડી મળી કુલ રૂા. ૧૯,૮૯,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ રાજસ્થાની ચાલક સુરેશકુમાર આસુરામ લુણી (રબારી) ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# થરાદમાં ગટર ઉભરાતા ગંભીર રોગચાળાનો ભય

(પ્રતિનિધિ) થરાદ

થરાદ શહેરના હાઈવે પર ભુગર્ભ ગટરલાઇન ઉભરાતાં આજુબાજુના વેપારીઓ અને રાહદારીઓ ભારે ત્રાહીમામ પોકારી ઉઠ્યાછે.જ્યારે પાણીનો ભરાવો ખુલ્લામાં થતો હોવાના કારણે ગૈભીર રોગચાળાની દહેશત પણ ઉઠવા પામી છે.તંત્રનું ધ્યાન દોરવા છતાં પણ નક્કર પગલાં ભરવામાં નહી આવતાં હોવાનું વેપારીઓએ જણાવ્યું હતું. થરાદનગરના ઘણા વિસ્તારોમાં તાજેતરમાં જ કરોડો રુપીયાના ખર્ચથી બનેલી ભુગર્ભ ગટરલાઇન ઉભરાઇ રહી છે. શહેરના ઢીમા ત્રણ રસ્તા પાસે અવારનવાર ઉભરાતી ભુગર્ભ ગટરલાઇન રોડ પર ઉભરાતાં આજુબાજુ તીવ્ર વાસ મારતું પાણી આજુબાજુ તળાવ સ્વરૂપે એકઠું થવા પામ્યું અને રસ્તા પર પણ મોટા પ્રમાણમાં પાણી રેલાયું હતું.આથી ત્યાંથી પસાર થતા એમએસવિધામંદીરના બાળકો અને વાવ તથા ઢીમા તરફ જતા આવતા અન્ય રાહદારીઓ તથા વાહનચાલકો અને આગળ જ રોજગારી રળતા નાના મોટા વેપારીઓ ભારે પરેશાની ભોગવી ઉઠ્યા હતા.આજુબાજુ રહેતા વેપારીઓ એ જણાવ્યું હતુંકે છાસવારે આવી રીતે ગટર ઉભરાતી હોવાના કારણે તેમાંથી માથું ફાડી નાખે તેવી તીવ્ર વાસ આવેછે.જ્યારે આ અંગે તંત્રને ફોન કરતાં હમણાં આવે તેવા જવાબો મળેછે અને કોઇ નહી આવતાં પાણી તળાવ સ્વરૂપે ફેરવાઇને ભરાયેલું પડી રહેછે. આવા ગંદા પાણીથી રોગચાળો ફેલાવવાની પણ પુરી દહેશત ઉઠવા પામી છે.



# સનાતન સાર્વજનિક ટ્રસ્ટની બેઠકમાં પીઠાધીશનો બહિષ્કાર

પ્રતિનિધિ ગેળા

સનાતન ધર્મના મૂલ્યો અને પરંપરાના નિર્વાહ માટે સનાતન હિન્દુ ધર્મમાં ભગવાન શંકરાચાર્યએ ભારતના ચાર ખુણા- ચાર દિશામાં દ્વારકા, બદ્રીનાથ, જગન્નાથપુરી અને શૃંગેરી એમ ચાર મકાનોની સ્થાપના કરી જે પદ ઉપર શિષ્યોને દાયિત્વ સોંપી વૈદિક પરંપરાના રક્ષણ સંવર્ધનની જવાબદારી આપી. જે ૨૫૦૦ વર્ષથી ચારેપીઠ ઉપર સુપેર કરવામાં આવી રહી છે. આ પીઠ ઉપર શંકરાચાર્ય અને ઉત્તરાધિકારીની નિયુક્તિ માટે મહાનુશાસનની રચના કરી સંવિધાન પણ બનાવેલ છે. એ પરંપરા પ્રમાણે હાલમાં દ્વારકા મઠના પીઠાધીશ તરીકે સ્વામી સ્વરૂપાનંદજી મહારાજ છે. પરંતુ તાજેતરમાં હરિદ્વારના ભૂમા પીઠાધીશ તરીકે ઓળખાતા સ્વામી અસ્ચુતાનંદ તીર્થ એ પોતે જાતે જે દ્વારકા પીઠાધીશ તરીકે અભિષેક કરાવતા સમગ્ર ભારતભરમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડવા લાગ્યા અને તેમના વિરૂધ્ધ એફ.આઈ.આર પણ નોંધાઈ. ત્યારે સનાતન ધર્મની પરંપરા અને મૂલ્યોને હાનિ પહોંચાડી ખોટી રીતે બની બેઠેલા નકલી શંકરાચાર્ય વિરૂધ્ધ શ્રી સનાતન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા મિટીગ બોલાવવામાં આવી. જેમાં વૈદિક અનુશાસનનો ભંગ કરી ખોટો સ્ટંટ કરી


નરસિંહ પ્રજાપતિ

અનુસંધાન પાના નં.૬

# પર્યાવરણ જાળવણી માટેના રાજયવ્યાપી અભિયાનનો રાજ્ય મંત્રીના હસ્તે આજે બનાસકાંઠા જીલ્લાથી પ્રારંભ થશે

## વાવ તાલુકાના દેથળી મુકામે મંત્રી શંકરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં આજે કાર્યક્રમ યોજાશે : ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા પર્યાવરણના જતન માટે હાથ ધરાયેલ જીવનશૈલી અભિયાન

પાલનપુર

ગુજરાત ઈકોલોજી કમિશન (જીઈસી) દ્વારા પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી લોકો અપનાવે તે માટે આજે તા.૫ માર્ચ, રવિવારના રોજ બનાસકાંઠા જીલ્લાના વાવ તાલુકાના દેથળી મુકામે સવારે ૯ વાગે પર્યાવરણ,આરોગ્યન અને પરિવાર કલ્યાનણ તથા શહેરી વિકાસ રાજયમંત્રીશંકરભાઇ ચૌધરીના હસ્ત પ્રારંભ થશે. આ પ્રસંગે અધિક મુખ્ય સચિવ વન અને પર્યાવરણ વિભાગ અરવિંદ અગ્રવાલ તથા અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષક એસ.કે.ચતુર્વેદી, ઈકોલોજી કમિશનના સભ્ય સચિવશ્રી સહિત મહાનુભાવો, અધિકારીઓ અને વિશાળ સંખ્યામિં લોકો ઉપસ્થિગત રહેશે. આ પ્રસંગે જીઈસીએ પર્યાવરણના સંરક્ષણ અને લોકોના વિકાસ માટે કરેલા પ્રયત્નોથની પ્રેરણારૂપ સાફલ્ય ગાથાઓની પુસ્તિોકા જળ એ જ જીવનનું વિમોચન કરવામાં આવશે. તથા પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી માટેની ફિલ્મિ આપણો દરિયો, આપણુ જીવન પણ રજુ કરાશે.

અત્યો સમગ્ર વિશ્વ ગ્લોબલ વૉમિંગ તેમજ અન્ય પર્યાવરણીય સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યું છે. પર્યાવરણનું કાળજીપૂર્વક જતન અને સંરક્ષણ કરવુ બહુ જરૂરી છે. ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા હાથ ધરાયેલ આ અભિયાન રાજયના તમામ ૨૮૫ તાલુકાઓના ગામોમાં આ માસમાં સ્વૈ ચ્છીભક સંસ્થામઓના સહયોગથી કરવામાં આવશે. આ અભિયાન દ્વારા લોકોને પર્યાવરણને અનુરૂપ જીવનશૈલી અપનાવવા તથા લોકોને આ અંગે વિસ્તૃરત માહિતી અને માર્ગદર્શન તથા તાલીમ પણ આપવામાં આવશે. ઉપરાંત મંત્રી શંકરભાઇ ચૌધરીના સુચન અનુસાર આગામી એક માસ દરમિયાન ફેસબુક, બ્લોરગ તથા ટ્વીટર જેવા સોશિયલ મિડીયાના માધ્યમથી પણ પર્યાવરણ અનુરૂપ જીવનશૈલી અપનાવવા લોકોને પ્રોત્સાહીત કરવા વિરાટ પાયે અભિયાન હાથ ધરવામાં આવશે.

ગુજરાત ઈકોલોજી કમિશન (જીઈસી) એ વન અને પર્યાવરણ વિભાગ ગુજરાત સરકારશ્રીના નેજા હેઠળ કામ કરતી સંસ્થા છે. જે પર્યાવરણ અને પરિસરતંત્રના સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ માટે સંશોધનો અને લોકજાગૃતિ માટની કામગીરી કરે છે.

# થેરવાડા સ્કૂલ નજીકથી મારૂતિ ૮૦૦ માંથી રૂા.33.૨૦૦ નો વિદેશી દારૂ જપ્ત



પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નિરજકુમાર બડગુજર દ્વારા પ્રોહિબિશનની પ્રવૃતિ સદંતર નાબૂદ થાય તે મુજબ કડક - અમલવારી કરવા સૂચના આપતાં પી.આઈ. જે.એચ.સિંધવ એલ.સી.બી.ના માર્ગદર્શન હેઠળ આર.કે.પરમાર (પેરોલ ફ્લો સ્કોડા પાલનપુર) તથા સ્ટાફ પો.કર્મચારીઓ ડીસા તાલુકા પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહી. અંગે પેટ્રોલીંગમાં હતા, દરમિયાન પેરોલ ફલો સ્કોડના આર.કે.પરમારની બાતમીના આધારે થેરવાડા સ્કૂલ આગળ રોડ પર નાકાબંધીમાં હતા ત્યારે મારૂતિ ૮૦૦ માંથી રૂા.૩૩,૨૦૦ નો વિદેશી દારૂ તથા મારૂતિ (કિં.રૂા.૫૦૦૦૦- મળી કુલ રૂા.૮૩,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવેલ. મારૂતિના ચાલક તથા અન્ય એક ઈસમ નાસી ગયેલ. જોકે આ બાબતે તેમની વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ડીસા તાલુકા પો.સ્ટે.માં કાર્યવાહી કરવામાં આવેલ.

# ધાનેરાની એક સંતાનની માતાને સાસરીયાએ કાઢી મુકી

(તા.પ્રતિનિધિ) ધાનેરા

ધાનેરા તાલુકાના અનાપુર છોટા ગામે પરણાવેલી એક સંતાનની માતાને સાસરીયાએ કરીયાવર ઓછુ લાવ્યા મુદ્દે માર મારી ઘરમાંથી કાઢી મુકી હતી. જે બાબતે સાસરીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

બનાવની ટુંકી હકીકત એવી છે કે, ધાનેરાના અલ્પાબેનના લગ્ન ૧૦ વર્ષ અગાઉ અનાપુર છોટા મુકામે થયેલ. લગ્ન સંસાર સારી રીતે ચાલ તો હતો. અલ્પાબેન એક બાળકની માતા પણ બની તે દરમ્યાન કરીયાવર ઓછુ લાવી તે બાબતે અવાર નવાર મહેણાં ટાંણા મારતા હતા અને સાસુ સસરાની ચડામણીથી પતિ અવાર નવાર મારઝુડ પણ કરતો છતાં અલ્પાબેન ઘર સંસાર ન બગડે તે હેતુથી મુંગા મોઢે સહન કરતા હતા. પરંતુ તા.૧/૧/૧૭ના રોજ પિતાના ત્યાંથી ૫૦,૦૦૦ લાવવા દબાણ કરતાં તેણીએ ના પાડતાં મારમારી કાઢી મુકી હતી. ત્યારબાદ સમાજ તથા મહિલા પોલીસની મદદથી અવાર નવાર સમાધાનની કોસીષ કરી છતાં વ્યર્થ ગઈ ધાનેરા રહેવા પણ આવી ગઈ છતાં માર ઝુડ ચાલુ જ રહેતા એક દિવસ વધુ મારતાં નજીકના પાડોસીઓ જયંતીભાઈ પીરાભાઈ ત્રિવેદી, ડાહ્યાભાઈ લેરાભાઈ દરજી તથા જીગરભાઈ તેબારામ આવસ્થિ વગેરેએ વધુ મારથી છોડાવી હતી. જે મતલબની ફરીયાદ ધાનેરા પોલીસમાં કરતાં પોલીસે આરોપી પતિ ભાવેશકુમાર પ્રકાશભાઈ જોષી, સસરા પ્રકાશકુમાર કાન્તિલાલ તથા સાસુ ગોમતીબેન પ્રકાશકુમાર, દિયર ભીખાલાલ પ્રકાશકુમાર અને નણંદ દિપીકાબેન પ્રકાશકુમાર વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ દિનેશભાઈ માવજીભાઈ ચલાવી રહ્યા છે. અત્રે એ નોંધવુ જરૂરી છે કે, સાસુ સસરાના ત્રાસથી તેમના બંને છોકરાઓની વહુઓમાં એકનું છુટુ થયું છે અને બીજીને ત્રાસ આપી રહ્યા છે. જયારે તેની નણંદ માથા ભારે હોઈ તે પણ તેની સાસરીમાં ઝગડાઓ કરી છુટા છેડા લઈ ઘરે આવેલ છે તેમ પીડીતાએ જણાવ્યું હતું.

# ધાનેરા તા.પં.ના એન્જિનિયરે તલાટીને લાફો ઝીંકયો

## કર્મચારીઓ દ્વારા કચેરીને તાળાબંધી

(તા.પ્રતિનિધિ) ધાનેરા

ધાનેરા તાલુકા પંચાયતમાં ફરજ બજાવતા ટેકનિકલ આસિસ્ટન્ટ એન્જિનિયરે શૌચાલય ચેકના નાણાં મુદ્દે બોલાચાલી બાદ માલોતરાના તલાટીને લાફો ઝીંકી દીધો હતો. તેથી ઉશ્કેરાયેલા પદાધિકારીઓ અને કર્મચારીઓએ કચેરીને તાળા બંધી કરી દીધી હતી. જેની જાણ થતા તાલુકા વિકાસ અધિકારી દોડી આવ્યા હતા. જેમને તાલુકા પંચાયતના ઉપપ્રમુખ જેસુંગભાઈ પટેલ, જેસુંગભાઈ ઠાકોર વિગેરેએ આ એન્જિનિયર વિરૂધ્ધ છેલ્લા એક વર્ષથી તમને તથા ઉચ્ચ સ્તરે લેખિત અને મૌખિક રજુઆતો કરી છે છતાં કોઈ પગલા ભરાતા નથી તેવો આક્ષેપ કર્યો હતો. પરંતુ તાલુકા વિકાસ અધિકારીએ તેઓને સમજાવી સમાધાન કરાવ્યું હતું. તેથી કચેરીનું કામકાજ ચાલુ થયું હતું.


એન.કે. મોદી

# વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ગુજરાત વિદ્યાપીઠમાં માતૃભાષા ઈનોવેશન રજૂ કરતા ટોકરીયાના શિક્ષક

તા.પ્રતિ. વડગામ

વિશ્વ માતૃભાષા ગૌરવદિન ગુજરાતી ભાષા અધ્યાપન પ્રયોગ પરિસંવાદ ગુજરાત વિદ્યાપીઠ ખાતે યોજાયો. ભાષા અને સંસ્કૃતિના જતન માટેનું અભિયાન અંતર્ગત ટોકરીયા શાળાના શિક્ષક રામજીભાઈ હેમરાજભાઈ રોટાતર દ્વારા જુદા જુદા ત્રણ ઈનોવેશન રજૂ થયા હતા. જેમાં જુદા જુદા સાહિત્યકારોને લગતું ૧૨ મીટર લાંબુ પ્રદર્શન બનાવી બાળકોને સાહિત્યકારોની માહિતી આપી વાંચે ગુજરાત અંતર્ગત પુસ્તક પ્રદર્શન યોજી શાળાના બાળકો તેમજ ગ્રામજનો સાથે જુદા જુદા પુસ્તકો વાંચ્યા બાળકોને પુસ્તકોના પ્રકાર વિશે માહિતી આપી. બાળકો ગુજરાતી ભાષાનું મૌલિક લખાણ કરી શકે તે માટે ચિત્ર વર્ણન સ્પર્ધા યોજી ધોરણ ૨ થી ૮ ના બાળકોને ભાગ લેવડાવી ૪૨ બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપ્યા. આ પ્રસંગે ડૉ.યોગેન્દ્ર વ્યાસ, પુરુષોત્તમદાસ પટેલ તેમજ આઈ.આઈ.એમના ચેતન પટેલ હાજર રહ્યા હતા. રાજ્યના જુદા જુદા જિલ્લાના શિક્ષક ભાઈ બહેનોને ગુજરાત વિદ્યાપીઠ તરફથી પ્રમાણપત્ર આપી બિરદાવવામાં આવ્યા હતા.

# હોળીના હારડાઓની હારમાળા


વિનોદ બાંડીવાલા

ડીસા ભલે ગુજરાતનું શહેર હોય પરંતુ પચાસ ટકા વસ્તી મારવાડીની હોઈ મારવાડની મધુરતાનો મઘમઘાટ દેખાય છે. અને એમાં પણ ભારતીય સંસ્કૃતિની અદ્દભુત વિશિષ્ટતા દરેક તહેવારમાં વિશિષ્ટ આહાર... જેમાં હોળીનું બીજુ નામ હારડા, ખજુર, ધાણી જેમાં હારડાની હારમાળાની શુભ્રતાથી ડીસાની બજારો શોભી ઉઠી છે.

# બોર્ડની પરીક્ષાના વિધાર્થીઓને મુંઝવતા પ્રશ્નો અને સમસ્યાના નિવારણ માટે પાલનપુર ખાતે કાઉન્સેલીંગ કેન્દ્ર શરૂ કરાયું

પાલનપુર

જીલ્લા શિક્ષણાધિકારીશ્રી બનાસકાંઠા દ્વારા જણાવ્યા મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યામિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર/વડોદરા દ્વારા માર્ચ ૨૦૧૭માં ધો.૧૦ તેમજ ધો.૧૨ સામાન્યા પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ તા.૧૫-૩-૨૦૧૭ થી શરૂ થનાર છે. આ પરીક્ષાના પરીક્ષાર્થીઓને મુંઝવતા

અનુસંધાન પાના નં.૬

# સમરસતાનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડતું ધાનેરા તાલુકાનું દેઢા ગામ

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકાના દેઢા ગામે ગત તા. ૦૧/૦૩/૨૦૧૭ ના રોજ શ્રી બાબા રામદેવપીરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજવામાં આવેલ. બાબા રામદેવપીરનું મંદિર નિર્માણ દેઢા ગામના મેઘવાળ સમાજ દ્વારા કરવામાં આવેલ. આ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં ભજન-સત્સંગ કાર્યક્રમ તથા સામુહિક ભોજન પ્રસાદનો કાર્યક્રમ પણ રાખવામાં આવેલ હતો. આ કાર્યક્રમ માત્ર મેઘવાળ સમાજનો ન રહેતા સમગ્ર દેઢા ગામનો ઉત્સવ બન્યો હતો. ગામના તમામ જ્ઞાતિના લોકોએ સમૂહ ભોજન પ્રસાદ લીધો હતો અને સત્સંગ કાર્યક્રમમાં પણ ગામના તમામ લોકો ખુબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રામચન્દ્રજી કુશ્મા (રાજસ્થાન) ના

અનુસંધાન પાના નં.૬

# શિહોરી તાલુકા પંચાયતના વિકાસ કામોની ડી.ડી.ઓ દ્વારા સમીક્ષા

પ્રતિનિધિ શિહોરી

બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી સમીત વહોરાએ કાંકરેજ તાલુકા પંચાયતની આકસ્મિક મુલાકાત લઈ વિકાસ કામોની સમીક્ષા કરી હતી. બાદમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસરો સાથેની બેઠકમાં તેમણે કોઈપણ દર્દીને બહારથી દવા ન લખી આપવાની તાકીદ કરી હતી. ત્યારબાદ શિક્ષણ, આઈ.બી.ડી. એસ, બાળ વિકાસ ઘટક, મનરેગા અને શૌચાલયોના કામની સમીક્ષા કરી હતી. જે પ્રસંગે મફાજી સોલંકી (પ્રમુખ), ટી.ડી.ઓ. એ.એમ. પટેલ, ના. ટી.ડી.ઓ. હાલાણી તથા તાલુકા પંચાયતનો સ્ટાફ હાજર રહ્યો હતો.

# થરા શ્રી વિનય વિદ્યામંદિર ખાતે દિક્ષાંત સન્માન સમારોહ યોજાયો



તા.પ્રતિ. થરા

શ્રી કાંકરેજ તાલુકા આંજણા કેળવણી મંડળ - થરા અને બનાસ સરહદી બાળ અને મહિલા વિકાસ મંડળ સંચાલીત શ્રી વિનય વિદ્યામંદિર -થરા તથા શ્રી વી.આર.પટેલ આર્ટ્સ એન્ડ બી.સી.એ. કોલેજ - થરાના ધો.૧૦ (એસ.એસ.સી.), ધો.૧૨ (એચ.એસ.સી.) બી.એ. બી.સી.એ. (તૃતીય વર્ષ) ના વિદ્યાર્થી ભાઈ-બહેનોનો દિક્ષાંત વિદાય - સન્માન સમારોહ મંડળના પ્રમુખ માર્કેટયાર્ડના ચેરમેન અણદાભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો જેનુ દિપ પ્રાગટ્ય ઝાઝાવાડા વાળીનાથ મંદિર તીર્થ - થરાના પૂ.કાર્તિકપુરીજી મહારાજના હસ્તે કરી આર્શિવાદ સાથે શુભારંભ કરાયો. આ પ્રસંગે ધો.૧ થી ૧૨ તથા બી.એ.બી.સી.એ.માં ઉત્કૃષ્ઠ પરિણામ મેળવનાર તેજસ્વી છાત્રો માટે ફીમાં મુક્તિ કે છૂટછાટ અણદાભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

CMYK

# રસ માધુરી

• રાજકારણ •જીંદગીનું ચિંતન •વાર્તાવિનોદ •વ્યંગકથા
ફિલ્મસીટી અને પ્રાઈસ્પોર્ટસ અમે તમામપ્રકારની વાનગી...




## કેપ્સુલ

પ્રેમીકાએ પ્રેમીનેફોન પર પુછયું તું મને યાદ તો કરે છે ને ?

આ સાંભળીને પ્રેમીએ કહ્યું, અરે ગાંડી જો યાદ કરવાનું આટલું સહલું હોત તો હું બીએ પાસ ન કરી લેત.

૦૦૦૦

એક માણસ પાસે કાર ચલાવવાનું લાયસન્સ ન હતું ખુબ જ ઝડપથી કાર ચલાવી વખતે એની કાર એક બીજી કાર સાથે ટકરાઈ ગઈ. અને ઈજા થવાના કારણે એબેભાન થઈ ગયો. ત્યારે તેને ભાન આવ્યું ત્યારે એણે પુછયું, હું કયાં છું ?

રૂમ નં.૧૫ માં .

એ તો બરાબર છે પણ હોસ્પીટલના કે જેલના ?

૦૦૦૦

ઈન્સ્પેકટર : તેં આ માણસ પાસેથી પૈસા શું કામ છીનવ્યા ?

અપરાધીએ હાથ જોડીને કહ્યુ ના સાહેબ પૈસા તો આણે પોતે જ મને આપ્યા હતી મેં તો બસ એને રીવોલ્વર દેખાડી હતી..

૦૦૦૦

દુકાનદારના હાથમાં ચેક હતો ત્યાં સુરદાસ આવ્યો.

સુરદાસ : શેઠજી કાંઈક આપજો..

દુકાનદાર : શું આપું સુરદાસ ?

સુરદાસ : હાથમાં જે હોય તે..

દુકાનદારે લાખનો ચેક સુરદાસના હાથમાં આપ્યો.

સુરદાસ : આ તો કાગળ છે મને તો ખાવાનું આપો.

૦૦૦

# બસ દીધે રાખો બાપજી

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

અપના સપના અને સપના આજકાલ મોંઘવારીએ માઝા મૂકી દીધી છે એવું ચીલા ચાલુ શક્ય કહેવાને બદલે હું જણાવીશ જે દેશનો માણસ આ ભુમિકાને છોડીને ક્યાંક જાશે તો જ મોંઘવારી હવે.. પણ આવી મોંઘવારીમાંય લોકો સપનાનું ખેતર અને સપનાની લણણી સપનાનાં પાક અને સપનાનો નફો સેવતા થઈ ગયા છે. તેથી જ અત્ર તત્ર અને સર્વત્ર સપના જ છે. સપનામાં જીવો અને સપનામાં જ રામનામ સત હૈ થઈ જાવ.લોકોને સપના બતાવીને તિજોરી ભરચક કરી દો..એકના ત્રણ અપવાનું સપનું રજુ કરીને મોટી સંખ્યામાં લક્ષ્મીજી ભેગી કરો પછી ઉડન છું-પોલીસ હાથે પકડાશું.. પછી મોં પર રૂમાલ અને જેલમાં જલસા.

મારી નિત્યની ગરીબી અને મોંઘવારીની લાતોથી અકળાઈને એક બાપજી-બાબા પાસે ગયો હતો. આજકાલ દેશમાં ભગવાન કશુ કરી શકતા નથી. પણ બાબાઓ જરૂર કરી શકે છે. અરે કોઈકનું કરીય નાખે છે.બાપજી એમના ચેલાઓએ સાથે ચર્ચામાં મસ્ત વ્યસ્ત રીતે જબરજસ્ત હતા. હું એમના ચરણોમાં પડ્યો. બાબાએ હોકાની નળી એક બાજુ મુકતા મારા માથે હાથ ફેરવ્યો પછી મેં મારી સમસ્યાને રજૂ કરી..બાબાએ ઉંડો શ્વાસ કરી અદ્ધર જોયુ.. બાબાની આવી ચેષ્ટાઓ હું જોઈ રહ્યો જાણે આકાશના અવિનાશી જોડે એમનું વગર લાઈન્સન નેટવર્ક હોય એમ.. એમણે કહ્યું- હે ભોળા ભગત..

મને ભોળો ભગત કહ્યો અને આહાહાહા શો આનંદ થયો.. શો આનંદ થયો.. પણ મારા અંતર આત્માએ એ જ ઘડીએ સવાલ પૂછ્યો. તું ભોળો છે ?. તું ભગત છે ? કોઈકે તને ભોળો ભગત કીધો અને અષાઢ માસના મેંઢકની માફક ફૂલાણો.. બાહ્ય શરીર બાબા સામે હતુ અને અંદર હૈયામાં ધમાધમી.

'ભોળા ભગત'

બાબાએ મને ફરીવાર કહ્યુ.

'ક્યાં ખોવાઈ ગયા ?'

તમે તો સમસ્યા માટે આવ્યા હતા.. સપનામાં ખોવાઈ ગયા ?

મેં વધુ એકવાર મારી સમસ્યા રજૂ કરી.

અને ચેલાઓએ ગુજરાતી કોઈક અંગ્રેજી છાપા બતાવ્યા. ગુજરાતી છપામાંના સમાચારો તો સમજી ગયો પણ અંગ્રેજી સમજાવવામાં અખાડો હતો.. નાનો હતો અને ભણતો હતો ત્યારે અમારી શાળાના અંગ્રેજીના અમથલાલ મને કાયમ કહેતા તને અંગ્રેજી ચડવાની નથી..

અંગ્રેજી ચડવાની કે ઉતરવાની શી ખબર પણ અંગ્રેજીનું આડવેર, અખાડા-બાજી હજુય ચાલે છે.. અંગ્રેજીનો સ્પેલીંગ લખવામાં પણ શબ્દકોશ જોવો પડે છે.'

'ભોળા ભગત'

પાછુ મને સંભળાયુ.

ભોળા ભગત.. આહાહાહા.. મને એમજ લાગ્યુ- આ બાબા-બાપજી એ જ મને સાચી રીતે સારી રીતે ઓળખ્યો છે બાકી ઓફિસનો પટાવાળો પ્યારે મોહન કહે છે બોટાદ જેવો બદમાશ માણસ નથી એનાથી સદાકાળ આઘા રહેવું શ્રીમતી રેણુ કહે આવા ભંભૂચાટ સાથે ક્યાં ભવ લાગ્યો.. ભજિયા મંગાવુ તો ભેળ લઈ આવે.. અરે હોસ્પિટલમાં કોઈ ? માણસની ખબર કાઢવા ગયો હોય તો સિનેમામાંથી નીકળે અરે ધોળા કપડા ધારણ કરી બેસણામાં ગયો હોય તો રિવરફ્રન્ટ પર કોઈ મહિલા સામે ટીકીટ-ીકી ને જોતો જણાય.. સાસુ સસરા કહે છે. આવો જુઠ્ઠો જગતમાં જોયો નથી.. ન જાણે એ ક્યારેય સાચુ બોલે છે કે નહી.. અને પેલી ગંગાસ્વરૂપ તો મને જોતા જ આસામનું કેરોસીન પીધા જેવું ડાચુ કરે છે. હું આંતરિક પળોજળમાં આત્મા સાથે સંપર્કમાં આવી ગયો હતો.

દુનિયાનો આવો અભિપ્રાય !

'ભોળા ભગત'.'આ ભોળા ભગત'મને પાછુ સંભળાયું.

હું સપનાની દુનિયામાંથી સત્વરે ફટાફટ બહાર આવ્યો. બાપજીને પગે લાગ્યો.

બાબાએ વચગાળાની રાહત જેવા વિરામ જેવા સમયમાં હોકોની ટોટીહોઠો પર મુકી ગુડગુડ કરી નાખ્યું.. ધૂમાડો છોડ્યો, મારી સામે જોયું.

ભોળા ભગત ભોળા ભગત

મેં સાંભળ્યું.- પાછો ખોવાણો, આ વખતે વધુ એકવાર મારો આત્મા મેદાને આવી સવાલોની ઝડી વરસાવા લાગ્યો.

'ભોળો અને તું ?'

અનુસંધાન પાના નં.૬ ઉપર

## કેવા ગ્રહ કેન્દ્રમાં હોય તો તે કારક બને ?

જન્મકુંડળીમાં અનેક પ્રકારના યોગો બને છે જેમાં શુભ યોગ પણ બહુ જ પ્રમાણમાં છે. જેમ કે ગજકેસરી યોગ, સુનફાયોગ, અનફાયોગ, વેશીયોગ, વોસીયોગ, ઉભયચારી, સાંખ્યયોગ, પરીવર્તન યોગ, પંચ મહાપુરૂષમાંના યોગો આમાં મુખ્ય છે તો મહારાજ યોગ પણ અતિ શુભ યોગ છે. એજ રીતે જન્મકુંડળીમાં બાર ઘર છે અનેબાર ઘરના નવ ગ્રહકારક ગ્રહો છે. તે જ રીતે જો કોઈ બે ગ્રહ કેન્દ્રમાં સવગ્રહી કે ઉંચના રહી યોગ બનાવતા હોય તો તે ગ્રહો કારક ગ્રહ બને જાય છે. પછી બે ગ્રહો કેન્દ્રમાં રહી યોગ કરતા હોય, ત્રણ ગ્રહો હોય કે પછી ચારે કેન્દ્રો થકી થતા હોય આ યોગ ઉંચના ગ્રહો કે સ્વગ્રહી ગ્રહો કરતા અનેક ઘણા શુભ ફળ આપતા જોવા મળે છે.




દ્રષ્ટાંતકુંડળી : અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં પ્રથમ ભાવ જ્યાં ગુરૂ બેઠો છે તે ગુરૂ ઉંચનો બને છે તેમજ ચોથા ભાવમાં શનિ છે તે પણ ઉંચનો થયેલ છે. આમ આ બંને ગ્રહો એકબીજાથી કેન્દ્રમાં રહેલ છે. તે કારક ગ્રહો બને છે. આવા કારક ગ્રહો શનિ શુભ ફળ આપનાર બનતા હોય છે. છતાં જેમ કે છઠ્ઠા ભાવમાં સૂર્ય, રાહુ રહેલ છે જે ગ્રહયોગ બનાવે છે.આમ તો આ ગ્રહો શત્રુઓનું શમન કરતા હોય છે. છતાં જો સૂર્યની વિધિ કરો તો જીવનમાં અતી શુભ રહેતું હોય છે..

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# નરાધમો, દુષ્કર્મ અને સ્ત્રીસશક્તિકરણ..!

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

પાંચેક વરસ પહેલાં એક સામયિકની કોલમમાં મેં એક સુંદર આર્ટિકલ કરેલો. જેનું ટાઈટલ સોંગ કંઈક આવું હતું. વરૂઓના મુલકમાં વામાઓ સલામત બનશે ? અહોહો.. મારૂં એટલું બધું દુર્ભાગ્ય કે મને એ લેખ મારા મોબાઈલ ઉપર લગભગ અઢી હજાર જેટલા લાઈકથી મળ્યા અને પચ્ચીસેક મેઈલ ડોમીનેટેડ માણસોના ગ્રેટ ડીસ્લાઈક મળ્યા છતાં મને કંઈક સમાજ જાગૃતિના અને લોકજાગૃતિના કંઈક સારા આશિષ મળ્યા.... એમ સમજી આ નવો લેખાંક એના અનુબંધમાં કરી રહ્યો છું...દેખ કબીરા...

સંસ્કૃતિની મશાલ જલતી રહે અને સંસ્કૃત પ્રત્યે પ્રીતી રહે એવી ભાવનાથી ઘણા સંસ્કૃત શબ્દો પણ મેં આ કોલમ માટે પ્રયોજયા છે. નર, અધમ, ઈતિ નરાધમ દેખ કબીરા.. વિચારવા જેવો શબ્દ છે.. નર એટલે પુરૂષ અને અધમ એટલે તદ્દન ઉતરતી કક્ષા હલકટ કરતાં પણ છેલ્લા તળિયે બેઠેલો માણસ એટલે નરાધમ.. દેખ કબીરા આપણા અખબારોમાં હું માઈનોર ઓબ્ર્ઝર્વેશન કરૂં છું ત્યાં પ્રત્યેક અખબારમાં ઓછામાં ઓછા ત્રણ ચાર નરાધમી કૃત્યોના સમાચારો ચમકે છે. એક ભારતીય નાગરિક હવાના નાતે મારૂં શીર ઝુકી જાય છે. આત્મા અકળાઈ ઉઠે છે કે.. આ દેશમાં આવા નરાધમો અને પિશાચી કુકર્મો કયાં સુધી ચાલશે ? આપણે કયાં સુધી ચલાવીશું ? આવા નરાધમો કયાં સુધી છુટી જશે ? આપણા કાનુની સંદર્ભમાં કયાં સુધી સાઈટ વિકનેસનો લાભ મળતો રહેશે અને નરાધમો દેશમાં બહેનો, દિકરીઓ, માતાઓને પીડીતાઓ બનાવી દેશે. આ બધું સજ્જનોની નિષ્ક્રિયતા અને મૌન વાણી ઉપર આધાર રાખે છે.

દેખ કબીરા નરાધમોની હેવાનિયત આપણે ચલાવી લઈએ અને તમાશો જોતા રહીને પૈસાની ઝાકમઝોળ વચ્ચે કાયદો અને પોલીસતંત્ર ઓશિયાળું બનીને નરાધમોને છાવરવા કોશીશ કરશે તો દેશમાં સ્ત્રીઓનું સશક્તિકરણ ખરેખર ફેઈલ થઈ જશે.સ્ત્રી સશક્તિકરણની બુમરેંગો ઘણા મોટા અવાજે કરીએ છીએ પણ સ્ત્રીને બચાવવા કોઈ વીરલો કદમ ઉઠાવતો નથી.

સ્ત્રી સશક્તિકરણ ઉપર મેં અનેક સ્ત્રીઓને મળીને રૂબરૂ સંવાદ કર્યો.. તેમની વેદના જાણી ત્યારે મને લાગ્યું આપણી સંવેદનાની ધાર આ દેશમાં બુઠી થઈ ગઈ છે અને બુઠ્ઠી ધારવાળું હથિયાર માત્ર શોભાના ગાંઠીયા જેવું થઈ ગયું છે. દેખ કબીરા.. કેટલીક જગ્યાએ મહિલા હેલ્પલાઈન નંબર આપ્યા છે.. મહિલાઓને બચાવવા આવા હેલ્પલાઈન નંબરો પણ જ્યારે મહિલા સંપુર્ણ શારીરિક-માનસિક અને આર્થિક રીતે ચુંથાઈ જાય, લુંટાઈ જાય, મહિલા તેનું શિયળ ગુમાવી બેસે એવા સમયે એકેય હેલ્પલાઈન લાગતી નથી એ વાત સનાતન સત્ય છે.

સાવ વિનમ્ર ભાવે એક મહિલા સાથે માર્કેટના એક શાકવાળાને ઉગ્ર બોલાચાી થઈ. છેલ્લે એ શાકવાળો વેપારી મહીલાને લાફો ઝીંકી દેવા હાથ ઉપાડે છે.. ત્યાં મેં એનો હાથ બરાબર પકડી લીધો. અને એ શાકવાળાને મેં જોરથી એક તમાચો ઝીંકી દીધો. પેલી બહેન પોલીસ હેલ્પલાઈનમાં પંદર મીનીટથી ફોનના નંબરો દબાવે છે.. હા.. તમે જ્યાં હોય ત્યાં રહેજો.. અમારી ગાડી આવે છે.. આવી ડિસ્પ્લે વાગે છે.. કોઈ કયારેય આવતા નથી.. આવું આપણું સ્ત્રી સશક્તિકરણ...?

દેખ કબીરા.. આ દેશમાં જોબ કરતી અનેક વુમનો સાથે જોબના સ્થળે અડપલાં, શારીરીક અને જાતીય સતામણીના પ્રશ્નો ચાલ્યા જ કરે છે. અનેક સ્ત્રીઓ બિચારી મુંગા મોંએ મજબુર બની સહન કરતી જોવા મળે છે. શિક્ષણ મેળવ્યું.. સારી લાયકાત મેળવી અને પગભર થઈ છતાં ઓફિસના બોસના બલીના બકરા જેવી હાલતમાં જીવતી આપણી સ્ત્રીઓનું સશક્તિકરણ કેટલું વ્યાજબી અને બુનિયાદી છે કે તકલાદી છે એ સમાજે વિચારવા જેવું ?

દેખ કબીરા.. આ દેશમં આજે એકવીસમી સદીમાં પણ સ્ત્રી બિચારી, બાપડી અને લાચાર, અબળા તરીકે સમાજમાં આવા વિશેષણોવાળાં સન્માનો મેળવશે ત્યાં સુધી નરાધમો દુષ્કર્મો એ કાયમ ચાલ્યા કરશે.. સમાજે જો સાચી દિશામાં સ્ત્રી સશક્તિકરણ ઉપર ઉદારીકરણ કરવું હશે તો ખરેખર દરેક સ્ત્રીને એક નાનું મોટું હથિયાર અપાવ્યું અને જે હથિયાર તેનો સ્વબચાવ કરી શકે એવું હથિયાર.. જો અપાય તો સ્ત્રી સશક્તિકરણ કરતાં આગળ વધશે.. સ્ત્રી અબળા નથી પણ બહુબળા છે એવા શબ્દોથી સમાજ વ્યક્તિ અને રાષ્ટ્ર ચોક્કસ ઉન્નત બનશે..

**બી.પાટણવાડીયા**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# ડગલું ભર્યું પછી ના હટવું

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

આપણા દેશના ઉત્તર-પૂર્વમાં મિઝોરમ નામનું એક ખુબ સુંદર રાજય આવેલું છે.તેના સરકૌન નગરની બહાર એક સુંદર નહેર વહે છે. ચારે તરફ પ્રકૃતિએ ખુબ ઉદારતાથી પોતાનો વૈભવ પાથર્યો છે. હરિયાળી વનસૃષ્ટીની ચાદરથી ઢંકાયેલા પહાડો પ્રવાસીઓને એક નવી જ દુનિયામાં સહેલ કરવાનું આમંત્રણ આપતી પ્રતીત થાય છે. ઉંચા ઉંચા વૃક્ષો જાણે કે તેના બંને હાથ ફેલાવી પોતાની તરફ બોલાવે છે.

૧૫ મી જુન ૨૦૦૩ ની આ વાત છે. એક ખુશનુમા સવારે સુરજ પહાડોની વચ્ચેથી આકાશમાં ઉંચે આવી ગયો હતો. સુરજના કોમળ પ્રકાશમાં વૃક્ષોનાં પાન ચમકતાં હતાં. શહેરના રસ્તાઓ પર અવર જવર શરૂ થઈ ગઈ હતી. તે વખતે કેટલાંક સ્થાનિક બાળકોની ટોળકી આમતેમ હરતી ફરતી અને રમતી નગરની બહાર તરફ ચાલી નીકળી હતી. તેમાંથી અમુકે એમ વિચાર્યું કે વાતાવરણ સરસ છે. તો ચાલો નહેરમાં નહાઈએ. તે બધાં બાળકો નહેરમાં નહાવા લાગ્યાં. નહેરનું તળ કાંઠા પાસે છીછરૂં હતું. તેથી બધાં બાળકો તેના કાંઠે જ નહાતાં હતાં પરંતુ એ દરમ્યાન એક આઠ વર્ષની બાળકી કોઈ બચાવવા તે ખુબ તરફડીયાં મારી રહી હતી. પાણીનાં મોજાં સાથે બથોડાં ભરતી બચવા મથતી સંઘર્ષ કરતી હતી. કીનારે ઉભેલાં બાળકો તેને જોતાંહતાં. તેમાં એક ખીયાંગડીંગલીયાના પણ હતો. કાંઠે ઉભેલાં કે છીછરા પાણીમાં હતા. એ બાળકોમાંથી કોઈની હિંમત નહોતી કે નહેરની વચ્ચોવચ્ચ જઈ ડુબી રહેલી પેલી બાળકીને બચાવે. જોકે ખિયાંગડીંગલીયાના પણ સારી રીતે તરતા આવડતું ન હતું. છતાં પેલી બાળકીને ડુબતી જોઈને તેનાથી રહેવાયું નહીં.. બાળકીનો જીવ બચાવવા એ હિંમત કરીને નહેરમાં કુદી પડયો.

જેમ તેમ તરીને એ બાળકીની નજીક પહોંચ્યો.. તેણે એ બાળકીને જીવ બચાવવા હાથ પગ પછાડતી જોઈ. આ સ્થિતી બહુ ખતરનાક હતી. કેમ કે એક બાજુ તો ખિયાંગડીંગલીયાનાને બરાબર તરતાં આવડતું ન હતું. બીજી તરફ પેલી બાળકી એ રીતે તરફડીયાં મારતી હતી કે જો તે ખિયાંગડીંગલીયાનાને પોતાના બચાવ માટે પકડી લે તો બંને ચોક્કસ ડુબી જાય. અસહાય હાલતમાં ખીયાંગડીંગલીયાના એ એકવાર ફરી નહેરના કીનારે નજર નાખી અને મદદ માટે બુમ પાડી પણ બીજાં બાળકોમાં પણ કોઈને બરાબર તરતાં આવડતું ન હતું અને કદાચ હશે તો પણ પોતાના જીવનું જોખમ અધ્ધર શ્વાસે સૌ ઉભા હતા.

ખિયાંગડીંગલીયાના ને મદદની કોઈ આશા ન લાગતાં તેણે મનોમન નિશ્ચય કર્યો કે જો હું આ બાળકીનો જીવ બચાવવા કુદી જ પડયો છું તો પછી પાછા હટવાનો પ્રશ્ન જ નથી. આમ વિચારીને તેણે પોતાનું સમગ્ર ધ્યાન પેલી બાળકી તરફ કેન્દ્રીત કર્યું. સૌથી પહેલાં તેણે પેલી બાળકીને ધમપછાડા કરવાની ના પાડતાં શાંત રહેવા જણાવ્યું. જો કે વ્યક્તિ પોતાનો જીવ બચાવવા છેલ્લી ક્ષણ સુધી પ્રયાસ કરતો હોય છે પણ એ બાળકી અત્યાર સુધી પ્રયાસો કરવાથી ખુબ થાકી ગઈ હતી. તેથી તેના હાથ પગ ઢીલા થઈ ગયા હતા. ખિયાંગડીંગલીયાના એ બુધ્ધિપૂર્વક એ બાળકીને પાછળથી પકડી અને ધીરે ધીરે કાંઠા તરફ લાવવા લાગ્યો. આમ કરતાં તેણે ખુબ મુશ્કેલી તો પડી પણ તે હિંમત હાર્યો નહીં. એકવાર તો વચ્ચે તેના પગ જરા લથડયા.પણ તેણે સાહસ અને ધૈર્યપુર્વક પોતાનો અમે પેલી બાળકીનો બચાવ કર્યો. થોડી વધુ નજીક લાવતાં છીછરા પાણીમાં ઉભેલ તેના સાથી બાળકોએ તેને પકડીને સહાયતા આપી. આ દરમ્યાન પેલી બાળકી બેભાન થઈ ગયેલી. બીજા લોકો પણ કાંઠે આવી ગયા હતા. તે બધાના પ્રયાસોથી બાળકીને ભાનમાં લાવવામાં આવી તેના પેટમાં ગયેલ પાણી પણ કાઢવામાં આવ્યું.ખિયાંગડીંગલીયાના આ અનુકરણીય સાહસિક કામ માટે તેને રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર મળ્યો. **નટવર હેડાઉ**

*હાલમાં બન્ને અલગ અલગ દેખાય છે : રિપોર્ટ*

# દિપિકા અને રણવીરસિંહની વચ્ચેના સંબંધ તુટી ગયા છે



હોલિવુડ ફિલ્મ ત્રિપલ એક્સ રિટર્ન ઓફ જેન્ડર કેજથી આંતરરાષ્ટ્રીય ફિલ્મી દુનિયામાં પોતાની ઓળખ ઉભી કરનાર ભારતની સુપરસ્ટાર અભિનેત્રી દીપિકા પાદુકોણ છેલ્લા દિવસોમાં એક ઈવેન્ટમાં ભાગ લેવા માટે પહોંચી હતી. જ્યાં તેને વર્તમાન રિલેશનશીપને લઈને પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અત્રે નોંધનીય છે કે તે થોડાક દિવસ પહેલા શાહિદ કપુરના જન્મદિવસની પાર્ટીમાં પહોંચી હતી. જ્યાં દિપિકા અને રણવીરસિંહ જુદા જુદા દેખાયા હતા. અલગ અલગ દેખાયા બાદ તેમની વચ્ચે બ્રેક અપના સમાચાર મળી રહ્યા છે. બ્રેક અપના અહેવાલ સાચા છે કે કેમ તે અંગે પુછવામાં આવતા દિપિકાએ કોઈ જવાબ આપ્યો ન હતો. રદિયો પણ આપ્યો ન હતો કે સમર્થન પણ કર્યુ ન હતુ. દિપિકાએ કહ્યુ હતુ કે તે એ જ વાત કરશે જે અન્યો સાંભળવા માંગે છે. થોડાક દિવસ પહેલા પત્રકાર રાજીવ મસંદને આપવામાં આવેલા ઈન્ટરવ્યુમાં દિપિકાએ કહ્યુ હતુ કે જ્યારથી તે હોલિવુડમાં વધી છે તેની પાસે મિત્રો અને પરિવારના માટે હવે સમય રહ્યો નથી. તેનુ કહેવુ છે કે રોમાન્સની તેની લાઈફમાં હવે ઓછી પ્રાથમિકતા છે.

જો કે દિપિકાએ કહ્યુ હતુ કે રોમાન્સની હવે કોઈ જગ્યા તેની લાઈફમાં નથી તેવા અહેવાલને દિપિકાએ રદિયો આપ્યો હતો. તેનુ કહેવુ છે કે એક શાંતિપૂર્ણ સંબંધ માટે જરૂરી છે કે બે લોકો એકબીજાને લઈને પોતાના સંબંધને લઈને સુરક્ષિત રહે. પ્રોફેશનને લઈને પારસ્પિક સમજ હોવાની સ્થિતીમાં સરળતા પડે છે. બીજી બાજુ રણવીર સિંહે સંબંધોમાં બ્રેક અપ માટે કોઈ વાત કરી નથી. હાલમાં શાહિદ કપુર, રણવીર સિંહ અને દિપિકા સંજય લીલાની ફિલ્મ પદ્માવતિમાં સાથે કામ કરી રહ્યા છે. આ ફિલ્મ મોટી અને મોટા બજેટ સાથે તૈયાર કરવામાં આવી રહી છે. શાહિદ કપુર પણ હાલમાં ભારે ખુશ છે, કારણ કે તેને ઘણા સમય બાદ મોટી ફિલ્મ હાથ લાગી ગઈ છે.

# ભારત, ચીન અને પાકિસ્તાનની નાપાક પ્રવૃત્તિઓથી વાકેફ થઈ ચુકયું છે એ બાબત વિદેશ સચીવ જાણે છે

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

દેશમાં બેરોજગારોને થાળે પાડવા માટે સરકાર દ્વારા જે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે તે બરાબર છે પરંતુ હજી ગરીબ અને બેરોજગારીનો પ્રશ્ન આગામી દિવસોમાં ગંભીર બને તેવી શકયતાઓને નકારી શકાય તેમ નથી. ગરીબજનો માટેની કલ્યાણ યોજનાઓમાં વધારો કરવો જોઈએ જેમાંથી ગરીબજનોને રાહત થઈ શકે.

વર્તમાન સંજોગોમાં દેશના રક્ષણ માટે ભારતીય જવાનો પોતાનું જે કર્તવ્ય નિભાવી રહ્યા છે. તેને નુતન વર્ષે સલામી મારીને દરેક ભારતીય પોતાનો આદર્શ અભિગમ વ્યકત કરવો જોઈએ. ભારત સાથે પાકિસ્તાન અને ચીજ સાથેના સંબંધો હાલમાં સુધરી તેમ નથી તેમજ ચીન સામે હાલમાં કોઈપણ પ્રકારની વ્યાપાર સમજુતી થઈ શકે નહીં.

હમણાં છેલ્લા કેટલાક સમયથી મેઈડ ઈન ચાઈના ની બનાવટની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવાનો માહોલ જામ્યો છે ચીને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના હિતની વિરૂદ્ધ પાકિસ્તાન સાથે મિત્રતાનો હાથ લંબાવ્યો છે પરંતુ દુશ્મન આખરે દુશ્મન જ હોય તે કદાપી મિત્ર બની શકે જ નહીં.

દેશના લોકોમાં સ્વદેશીની ભાવના જાગૃત થાય તે પણ એક આવકાર્ય પગલું કહી શકાય. થોડા વર્ષો પહેલાં જો આ રીતના પગલાંને હાથ ધરવામાં આવ્યું હોત તો સ્વદેશી બનાવટની ચીજવસ્તુઓનું વધુ પ્રમાણમાં વેચાણ થઈ શકત. વિદેશી બનાવટની ચીજવસ્તુઓનો ભારતમાં જબરજસ્ત પગપેસારો થયો છે તે પછી વ્યાપારી દ્રષ્ટીએ ભારતને ઘણું સહન કરવું પડયું છે.

અત્યારે તો આવેશયુકત આક્રોશ માત્ર બીજા ફટાકડા પુરતો જ મર્યાદિત રહીને શાંતિ થઈ જવાનો હોય તો તે નિરર્થક સાબીત થશે. ગત ડીસે.૨૦૦૧ માં ચીન ડબલયુટીઓ વિશ્વ વ્યાપાર સંગઠનનું સભ્ય બન્યા પછી ભારતનું બજાર ચીનના વેપાર માટે ખુલ્લુ મુકાઈ ગયું છે.અને ચીનના બંધિયાર સમાજવાદી અર્થતંત્રમાં બજાર અર્થતંત્રની યુકત હવાની લહેરખી વધવા લાગી છે. આને પરીણામે ભારતનો ચીન સાથેનો વેપાર ઉત્તરોત્તર વધવા પામ્યો છે.

ઈતિહાસ ગવાહ છે કે ભારત, અમેરીકા વચ્ચે વર્ષોથી વ્યાપાર સમજુતીઓ થઈ છે તે પ્રમાણે અર્થતંત્ર મજબુત બની રહ્યું છે. વર્તમાન સંજોગોમાં ભારતમાં જે હાર્ડવેરનો માલ ઉત્પાદન થાય છે તેનો મોટા ભાગનો વેપાર અમેરીકા સાથે થઈ રહ્યો છે. ભારતીય માલ સામાનની ગુણવત્તા ખાસ કરીને જોવામાં આવતી હોય છે પરંતુ તેની ગુણવત્તા પર સો ટકા ભરોસો કરી શકાય નહીં.

ભારત-ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધો અને ડબલ્યુ ટીઓની કેટલીક શરતોના સંદર્ભમાં ભારત સરકાર સીધો પ્રતીબંધ લાદી શકે તેમ નથી. માત્ર દેશની જનતા પોતાના આત્મમંથનથી નક્કી કરે કે ચીનની બનાવટની

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ૨૪ કલાકમાં

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

વિશ્વમાં ૨૪ કલાકમાં અવનવી ઘટનાઓ બનતી રહે છે. આપણા શરીરમાં પણ ૨૪ કલાકમાં કેટલીક એવી ઘટનાઓ બને છે જેનાથી આપણે અજાણ છીએ.

આપણા હૃદયના ધબકારનો વેગ સામાન્ય રીતે ૧,૨૪૦ અશ્વબળ (હોર્સ પાવર) જેટલો હોય છે. ચોવીસ કલાકમાં ૧,૦૩,૬૮૦ ધબકારા થાય છે. દરેક ધબકારની સાથે પાંચ ઔંસ લોહી શરીરમાં શુદ્ધ બને છે. લોહી પાણી કરતાં છ ગણું ઘટ્ટ હોય છે. તેમાં ૨૫,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦ (૨૫ અબજ) લાલ કણો હોય છે. તેઓ ફેંફસામાંથી ઓકિસજનને શરીરના અન્ય ભાગોમાં વહન કરે છે. એક ઘન મિલીમીટર લોહીમાં ૪૦ થી ૫૦ લાખ લાલ કણો અને ૭૦૦૦ સફેદ કણો હોય છે. સફેદ કણોનું કાર્ય બાહ્ય ચેપો સામે સંરક્ષણ કરવાનું છે.

પ્રત્યેક સેકન્ડે ૧,૦૦,૦૦,૦૦૦ જેટલી લાલ રક્ત પેશીઓનો નાશ થઈને તેના સ્થાને એટલી જ બીજી તૈયાર થઈ જાય છે. ચોવીસ કલાકમાં આપણા શરીરમાં લોહીએ ૧,૦૦,૦૦૦ માઈલનો પ્રવાસ કરવો પડે છે. આપણે જ્યારે આરામ કરીએ છીએ, ત્યારે લોહીના ભ્રમણનો વેગ એટલો બધો વધી જાય છે કે આપણા હૃદયથી પગના અંગૂઠા સુધી પહોચીને પાછા ફરતા લોહીને માત્ર એક જ મિનિટ લાગે છે. સામાન્ય માણસ વર્ષે ૦૧ રતલથી વધુ વાળ ઉગાડે છે.

કેટલાંક ફળદ્રુપ માથા વર્ષે ૧ રતલ વાળ ઉગાડી શકે છે. એક કલાકમાં ૫,૬૨૫ નવા બાળકોનો જન્મ થાય છે અને એક દિવસમાં ૧,૩૫,૦૦૦ વ્યક્તિઓનો આ જગતમાં વધારો થાય છે.

૨૪ કલાકમાં આપણે ૨૩,૦૪૦ વાર શ્વાસો શ્વાસ લઈએ છીએ એ દરમ્યાન આપણે ૨૦ ધનફૂટ જેટલો પ્રાણવાયુ લઈએ છીએ. એ દરમ્યાન જ્યારે આપણે માત્ર ઉભા હોઈએ, ત્યારે દર મિનિટે શરીરમાં બે ગેલન હવા ખેંચીએ છીએ.જ્યારે ચાલતાં હોઈએ છીએ ત્યારે ચાર ગેલન અને દોડીએ છીએ ત્યારે ૬ ગેલન હવા શરીરમાં ખેંચીએ છીએ.શ્વાસ ઉશ્વાસ અને પરસેવા દ્વારા આપણે દર કલાકે અર્ધો રતલ જેટલો બાફ શરીરમાંથી બહાર કાઢીએ છીએ.

આપણી જીંદગીમાં આપણે ૨૦ - ૨૫ વર્ષ માત્ર ઊંઘમાં જ ગાળીએ છીએ. ચૌદ વર્ષ ચાલવામાં વીતાવીએ છીએ, ત્રણ વર્ષ બસ પ્રવાસમાં, ડાંકટર માટે, સરકારી કચેરીમાં, ઘણે ઠેકણે રાહ જોવામાં ગાળીએ છીએ.

આપણા માથામાં ૧,૨૦,૦૦૦ વાળ ૨૪ કલાકમાંથી ૧૯ કલાક સુધી ૦૧૭૧ ઈંચ વધે છે. આથી આપણે દર મહિને વાળ કાપવવા જવું પડે છે. આખા દિવસમાં આપણી આંખના મજજાતતુઓની ... જેટલી શક્તિ વપરાય છે. ચોવીસ કલાકમાં આપણા નેત્ર પર (રેટિના) ૫,૨૫૦,૦૦૦ જેટલા પ્રતિબિંબ પડ્યા હોય છે. અને મગજને તેની વરધી પહોંચે છે. ૨૪ કલાકમાં નખ ૦૦૦૪૬ ઈંચ વધે છે.

આપણે ૨.. રતલ ખોરાક લઈએ છીએ. કહેવાય છે કે એક નિરોગી બાળક દસ દિવસમાં પોતાના વજન જેટલું અન્ન ખાય છે. આપણે ૨૫૦૦ કેલેરી કરતાં વધુ અન્ન

અનુસંધાન પાના નં.૬ ઉપર

**૧૫ નપાની ...**

**પાના નં.૧ ચાલુ**

રાજય ચૂંટણી પંચે પેટાચૂંટણી માટે આજે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ ભાવનગર જિલ્લાની શિહોર નગરપાલિકા તથા આણંદ જિલ્લાની વલ્લભવિદ્યાનગર નગરપાલિકામાં બબ્બે બેઠકો પર પેટાચૂંટણી થશે જયારે અમદાવાદ જિલ્લાની વિજાપુર અને આણંદ, અમરેલી જિલ્લાની લાઠી અને અમરેલી ભાવનગર જિલ્લાની વલ્લભીપુર અને શિહોર દાહોદ જિલ્લાની દાહોદ કચ્છ જિલ્લાની ભુજ, ખેડા જિલ્લાની મહુવા અને ઠાસરા, બનાસકાંઠા જિલ્લાની પાલનપુર રાજકોટ જિલ્લાની ઉપલેટા અને ભાયાવદર નગરપાલિકાઓની ખાલી એક એક બેઠક સહિત કુલ ૧૭ બેઠકો માટે પેટાચૂંટણી યોજાશે.

**ઉત્તરપ્રદેશ ...**

**પાના નં.૧ ચાલુ**

ગુરૂવારના દિવસે સાંજે ચૂંટણી પ્રચારનો અંત આવી ગયો હતો. આજે છઠ્ઠા તબક્કામાં સમાજવાદી પાર્ટીના સ્થાપક મુલાયમસિંહ યાદવના લોકસભા ક્ષેત્ર આજમગઢ સહિત પૂર્વાંચલના સાત જિલ્લાની ૪૯ બેઠકો માટે મતદાન યોજાયું હતું. છઠ્ઠા તબક્કામાં સૌથી વધારે ઉમેદવાર ગોરખપુર સીટ પર નોંધાયા હતા. આ સીટ પર કુલ ૨૩ ઉમેદવારો ભાગ્ય આજે મતદાનની શરૂઆત થયા બાદ ઈવીએમમાં સીલ થઇ ગયા હતા. સાત ઉમેદવારના ભાવિ મઉ જિલ્લાની મોહમ્મદબાદ ગોહના સીટ પર ઈવીએમમાં સીલ થઇ ગયા હતા. સપાના સ્થાપક મુલાયમ સિંહ યાદવના સંસદીય ક્ષેત્ર આજમગઢમાં વિધાનસભાની ૧૦ સીટ પર મતદાન યોજાયું હતું. વર્ષ ૨૦૧૨માં યોજાયેલી છેલ્લી ચૂંટણીમાં આમાંથી સમાજવાદી પાર્ટીએ નવ બેઠકો જીતી હતી. જો કે આ વખતે આજમગઢમાં મુલાયમસિંહે એક પણ રેલી કરી ન હતી. આજના છઠ્ઠા તબક્કામાં ૭૭ લાખ ૮૫ હજાર મહિલા સહિત એક કરોડ ૭૨ લાખ મતદારો હતા જે પૈકી ૫૭ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આજે મતદાનની સાથે જ કુલ ૬૩૫ ઉમેદવારોના ભાગ્ય ઈવીએમમાં સીલ થઇ ગયા હતા. છઠ્ઠા તબક્કામાં ૧૭૯૨૬ મતદાન કેન્દ્ર પર મતદાન યોજાયું હતું. વર્ષ ૨૦૧૨માં આ સીટો પૈકી સમાજવાદી પાર્ટીએ ૨૭, બહુજન સમાજવાદી પાર્ટીએ સાત અને કોંગ્રેસે ચાર સીટ જીતી હતી. અન્ય બે સીટો અન્યના ખાતામાં જ ગઇ હતી. છઠ્ઠા તબક્કામાં નેપાળ સાથે જોડાયેલા મહારાજગંજ અને કુશીનગરની સાથે સાથે ગોરખપુર, દેવરિયા, આજમગઢ, મઉ અને બલિયા જિલ્લાની ૪૯ બેઠકો પર મતદાન યોજાયું હતું. છઠ્ઠા તબક્કામાં સાંસદ આદિત્યનાથ ઉપરાંત કેન્દ્રિય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રી કાલરાજ મિશ્રાની પ્રતિષ્ઠા દાવ પર લાગી ગઇ હતી. બીજી બાજુ કોઇ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા પહેલાથી જ ગોઠવી દેવામાં આવી હતી. કોઇપણ જગ્યાએ કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. તમામ મતદાન કેન્દ્રો ઉપર મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. કેટલાક સંવદેનશીલ મતવિસ્તારોમાં સાવચેતીના વિશેષ પગલા લેવામાં આવ્યા હતા. રાજ્ય ચુંટણી પંચ દ્વારા શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાનની ખાતરી કરવા માટે પહેલાથી જ તમામ પગલા લેવામાં આવ્યા હતા. મતદાન મથકો ઉપર વિડિયોગ્રાફી કરવાનો પણ નિર્ણય કરવામાં આવ્યા બાદ આજે સવારે આ પ્રક્રિયા પણ જોવા મળી હતી.ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના છઠ્ઠા તબક્કા બાદ હવે એક તબક્કાની ચૂંટણી બાકી રહેશે.

**પાટણના ઈલમપુર ...**

**પાના નં.૧ ચાલુ**

જુગારની બદીઓ ફુલીફાલી છે ત્યારે આ બદીને નાથવા માટે પાટણ પોલીસે લાલ આંખ કરી વિવિધ જુગારધામો ઉપર રેડ કરીને જુગારીયાઓને ઝબ્બે કર્યા છે. ત્યારે વધુ એક જુગારધામ ઉપર પોલીસે ઓચિંતો છાપો મારી જુગારીયાઓને ઝડપી લેતા જુગાર રસીયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

પાટણ તાલુકાના ઈલમપુર ગામની સીમમાં આવેલ ખુલ્લા ખેતરમાં મોટા પ્રમાણમાં જુગાર રમાઈ રહ્યો છે તેવી બાતમી પાટણ એલ.સી.બી. પોલીસને મળતા પાટણ એલ.સી.બી., એસ.ઓ.જી. અને બી.ડીવીઝન પોલીસે સંયુક્ત રીતે રેડ કરી રોકડ રૂા.૭૯૨૪૦, મોબાઈલ નંગ - ૧૦, કિં.રૂા.૧૧,૦૦૦ બાઈક નંગ - ૬ કિં.રૂા.૧,૮૦,૦૦૦ મળી કુલ રૂા.૨,૭૦,૨૪૦ ના મુદ્દામાલ સાથે ૧૦ શકુનીયાઓને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**અર્બુદા ...**

**પાના નં.૧ ચાલુ**

સભાસદો એક સમિતિ બનાવો હું આ સમિતિના નામે મારી મિલકતોનું રજીસ્ટ્રેશન કરાવી દઈશ. જે મિલકતો વેચતા તમામને રૂપિયા મળી જશે. જોકે મુખ્ય સૂત્રધાર હજુ પોલીસની પકડથી દૂર છે પણ તેનો મેસેજ 'વાયરલ' થતા અવનવા તર્ક - વિતર્કો સર્જાયા છે.

**છાપી ઓટો...**

**પાના નં.૮ ચાલુ**

ખાતે સરકાર દ્વારા ટેક્ષમાં તોતીંગ વધારો તેમજ વિવિધ દંડનીય રકમમાં કરાયેલ વધારાના વિરોધમાં નાયબ મામલતદાર એચ.આર. હીંગરોજાને આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવ્યો હતો. આવેદનપત્ર યુનિયનના પ્રમુખ સુરેશગીરીના નેતૃત્વમાં વિશાળ સંખ્યામાં ઓનર્સો ઉપસ્થિત રહી આપ્યું હતું. દરમ્યાન સોમવારે છાપી વિસ્તારમાં રીક્ષાઓના પૈડાં થંભાવી દેવા પણ ચીમકી આપી હતી.

**દુનિયાના કોઈ...**

**પાના નં.૮ ચાલુ**

ખેતપેદાશોના ભાવો મળતા નથી. ભ્રષ્ટાચાર- આતંકવાદ પણ ચિંતાનો વિષય છે. જિ.પં. પૂર્વ પ્રમુખ દલસંગભાઈ પટેલ, જિ.કિસાન કોંગ્રેસ ઉ.પ્રમુખ ફત્તાભાઈ સી.કરેણ, લક્ષ્મીબેન કરેણ, રાયમલજી ઠાકોર, જાકીરભાઈ એલ.એ.રાઠોડ, તા.પં. પ્રમુખ, માનસંગભાઈ પટેલ તા.કો. પ્રમુખ પ્રવિણભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન કરી ભાજપ સરકારની ઝાટકણી કાઢી હતી. તાલુકા કિસાન કોંગ્રેસ પ્રમુખ લક્ષ્મણભાઈએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જિ.પં.ડેલિગેટ બાલકૃષ્ણ એમ. જીરાલા, અજીતસિંહ હડિયોલ, તા.પં.ડેલિગેટ મહોબતસિંહ રાજપૂતે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. વડગામ તા. સરપંચ યુનિયન પૂર્વ પ્રમુખ ફત્તાભાઈ સી. કરેણે (વણસોલ) ખેડૂતોના વિવિધ પ્રશ્નો વાંચી ધારાસભ્યને સરકારમાં રજૂઆત કરવા વાકેફ કર્યા હતા.

તાલુકા પં. ડેલિગેટ પી.ડી.હડિયોલ, ડી.એમ. પટેલ, ભિખુભાઈ બિહારી, અબ્દુલભાઈ પલાસરા, બળદેવજી ઠાકોર, મેઘરાજભાઈ કરેણ, દેવુસિંહ ડાભી, નારાયણસિંહ ડાભી, નરસંગભાઈ રૂપાવટ, રફીખાન પઠાણ, રીયાજખાન લોહાણી, અપ્સરભાઈ લોહાણી, યુવા પ્રમુખ ભાટીજી સહિત સરપંચો, સહકારીઓ, આગેવાનો, ખેડૂતો, ખૂબ જ મોટી સંખ્યામાં જોડાયા હતા.

**ડીસામાં બે ...**

**પાના નં.૮અ ચાલુ**

અને તદન હલકી ગુણવત્તાનું મટીરીયલ્સ વાપરતા માત્ર બે માસમાં જ ભ્રષ્ટાચારની પોલ ખુલી જવા પામી હતી. જે બાબતે હોબાળો થતા પાલિકાના ચીફ ઓફિસર દ્વારા કોન્ટ્રાકટર સુનિલ રાજપુતને નોટીસ પાઠવી રસ્તો તાત્કાલીક નવેસરથી બનાવવા અન્યથા બ્લોકલીસ્ટમાં મુકવા જણાવ્યું હતું.

જેના પગલે શનિવારે રસ્તાને નવેસરથી રીસર ફેલ કરવાની કામગીરી કોન્ટ્રાકટર દ્વારા હાથ ધરાઈ હતી. પાલિકા પ્રમુખ પ્રવિણ માળીના જણાવ્યા મુજબ નગરપાલિકાએ જનરલ બોર્ડમાં ઠરાવ કરી રસ્તાની કામગીરીમાં રસ્તો ખરાબ બન્યો હોય, ડેમેજ કે ટેકનીકલ ખામી હોય તે બાબતે ૪ થી ૫ વ્યક્તિઓની ટેકનીકલ ટીમ બનાવી છે. જેના વિઝીટેશન બાદ રીપોર્ટ આપે અને કામમાં કોઈ ગોલમાલ થયો હોય તો કોન્ટ્રાકટરના સ્વખર્ચે નવેસરથી ટેન્ડરની શરતો મુજબનો રસ્તો બનવો જોઈએ નહીંતર તેને બ્લોકલીસ્ટમાં મુકી પોલીસ ફરિયાદ સુધીની કાર્યવાહી કરવાનું પ્રાવધાન ઠરાવમાં કરાયું છે.

**ગણપત ...**

**પાના નં.૮ ચાલુ**

થુંબા ખાતે એક ચર્ચમાં પ્રારંભ પામેલા ઈસરોની આજ સુધીની કામગીરીને અને સિધ્ધિઓને એક પ્રેઝન્ટેશન દ્વારા અસરકારક રીતે રજુ કરી હતી. ડો.કલામને પણ એમણે બહુ આદર પૂર્વક યાદ કરી એમના પ્રદાનને બિરદાવ્યું હતું. સાયકલ ઉપર જેની હેરફેર થતી હતી તેવા નાના સેટેલાઈટથી માંડીને આજના મહાકાય સેટેલાઈટ અને તેનું વહન કરતા રોકેટની વિકાસયાત્રા આગળ વધીને ૨૦૩૫માં 'સ્પેસ-ટૂરિઝમ' સુધી પહોંચશે એવું પણ એમણે જણાવ્યું હતું.

ગણપત યુનિવર્સિટીની એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ, સાયન્સ, ફાર્મસી, કોમ્પ્યૂટર સાયન્સ, આર્ટ અને આર્કિટેક્ચર સહિત તમામ વિદ્યાશાખાના મળીને કુલ ૨૬૩ જેટલા વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારની સાયન્સ - કોમ્પિટિશન્સમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં સાયન્સના વર્કિંગ મોડેલ પ્રેઝન્ટેશન, નોન - વર્કિંગ મોડેલ પ્રેઝન્ટેશન, પોસ્ટર ક્રિએશન્સ, સ્લોગન રાઈટિંગ કોમ્પિટિશન, નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા, રંગોલી અને પેઈન્ટિંગ કોમ્પિટિશન ઉપરાંત મેથેમેટિકલ મોડેલ એક્ઝિબિશન જેવાં આયોજનો દ્વારા ગણપત યુનિવર્સિટીએ વિજ્ઞાન - દિવસની ભારે ઉત્સાહપૂર્ણ રીતે ઉજવણી કરી હતી.

વિકલાંગ લોકો માટે સાયન્સ અને ટેકનોલોજી ના વિનિયોગને આ વર્ષની ઉજવણીમાં કેન્દ્રવર્તિ વિચાર તરીકે રાખવામાં આવ્યો હતો. ચમત્કાર અને અંધશ્રધ્ધા વિરૂધ્ધની એક નાટિકા પણ વિદ્યાર્થીઓએ રજુ કરી હતી.

સમગ્ર કાર્યક્રમમાં યુનિવર્સિટીના સર્જક - પ્રમુખ અનિલભાઈ પટેલ, ડાયરેક્ટર, જનરલ ડો.મહેન્દ્ર શર્મા, રજિસ્ટ્રાર અમિતભાઈ પટેલ, સાયન્સ ફેકલ્ટી ડિન ડો.રાકેશભાઈ પટેલ અને પ્રિ અમિતભાઈ પટેલની ઉપસ્થિતિ પ્રેરણાત્મક બની રહી હતી.

**દીઓદરમાં પૂર્વ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

આર.ડી. પટેલ દ્વારા ઉપસ્થીત મહાનુભાવોનું બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ દીઓદર પ્રાથમિક શાળા નં.૭ના પરિવાર તરફથી સન્માન પત્ર આપી તેમનું બહુમાન કરાયેલ તેમજ વિવિધ વ્યક્તિઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવેલ.દીઓદર તાલુકા નાગરીક મંડળી દ્વારા પણ તેમનું બહુમાન કરવામાં આવેલ.

આ પ્રસંગે પટેલે દીઓદર તાલુકાએ જે પ્રેમ,દીશા,હીંમત આપી છે તેને જીવનમાં મહત્વપૂર્ણ અંગ તરીકે ગણાવેલ. કાર્યક્રમનું સંચાલન દી.પ્રા.શાળા નં.૩ના આચાર્ય મુકેશભાઈ ત્રિવેદીએ કરેલ.જયારે આભાર વિધી સુરેશભાઈ બારોટે કરેલ.

**સનાતન સાર્વજનિક...**

**પાના નં.૩ ચાલુ**

આ પ્રકારે દેશમાં ફરતા બનાવટી અને નામધારી શંકરાચાર્યોએ પોતાની રીતે શંકરાચાર્ય લાવવાનું અને ઓળખ આપવાનું બંધ કરે સમગ્ર હિન્દુ સમાજમાં સંતની ગરિમાને ખોટી રીતે વિવાદમાં લાવતા સમગ્ર હિન્દુ સમાજ બદનામ બની રહ્યો છે અને હિન્દુ સમાજની ભાવનાઓ સાથે ખિલવાડ થતો હોવાથી આવા નિંદનીય કૃત્યના વિરોધમાં ઠરાવ કરી જરૂર પડે હિન્દુ સમાજની આન, બાન અને શાન માટે ... અને કાયદાની મર્યાદામાં રહી વિરોધ કરવાનો નિર્ણય જાહેર કરવામાં આવેલ છે.

આ બેઠકમાં ભરતભાઈ દવે, ભલજીભાઈ રાજપુત, બિપીનભાઈ દવે, કરશનભાઈ મોદી, જોરાભાઈ પટેલ, રવજીભાઈ પટેલ, શાન્તિલાલ સુથાર, સેજલબેન ઠાકોર, મંજુલાબેન દવે, રમેશભાઈ ઠાકોર, રઘુભાઈ પટેલ, કસ્તુરભાઈ પટેલ, પારસભાઈ મોદી, મુળજીભાઈ બ્રાહ્મણ, અરવિંદભાઈ દવે, અશોકભાઈ રબારી સહિત બહોળી સંખ્યામાં સનાતન ધર્મપ્રેમીઓ હાજર રહ્યા હતા.

**સમરસતાનું શ્રેષ્ઠ...**

**પાના નં.૩ ચાલુ**

મઠાધીપતિ પ.પૂ.સંત શ્રી શિવનાથજી મહારાજની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો. આ કાર્યક્રમમાં ધાનેરા તાલુકામાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ભજન સત્સંગ અને ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રકારે સમરસતાનું શ્રેષ્ઠ કાર્ય દેઢા ગામે પૂરું પાડ્યું છે. આ ઉમદા કાર્યને સમગ્ર સમાજે બિરદાવ્યું છે. આ પ્રકારના કાર્યક્રમો ગ્રામ્ય/ નગર કક્ષાએ એક સમરસતાના વાતાવરણમાં ઉજવાય તેવો જનમત છે.

**થરા શ્રી વિનય...**

**પાના નં.૩ ચાલુ**

આ પ્રસંગે સંસ્થાની બાળાઓએ સ્વાગત ગીત - પ્રાર્થના નૃત્ય સુંદર રીતે રજુ કરેલ. થરા કોલેજના નિવૃત્ત આચાર્ય ડો.હેમરાજભાઈ પટેલે રૂા.૧૧૦૦૦/- મંડળીને તેજસ્વી વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે અર્પણ કરેલ.

આ પ્રસંગે કિસાન સંઘના પ્રમુખ કુરાભાઈ પટેલ, પૂર્વાચાર્ય રામજીભાઈ પટેલ, પાલીકા કોર્પો-રેટર ખાનુભા વાઘેલા ફકીર મહંમદ સાચોરા, થરા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ પૃથ્વીરાજસિંહ વાઘેલા, ચીફ ઓફીસર જતીન મહેતા, અનુભા વાઘેલા, માનસુંગભાઈ પટેલ (મંડળ મંત્રી), કાંકરેજ તાલુકા ભાજપ પૂર્વ પ્રમુખ ઈશ્વરભાઈ પટેલ (રતનગઢ), ચંદુજી ઠાકોર (સરપંચ), કરશનભાઈ પટેલ, રમેશભાઈ પટેલ, એમ.વી.પટેલ નાથાભાઈ પટેલ, નટવરભાઈ શેખલીયા, મહિલા અગ્રણી રીયાબેન પટેલ, સરપંચ પ્રહલાદસિંહ વાઘેલા (વડા) વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેલ ધો.૧૨ (સાયન્સ) ની વિદ્યાર્થીની હીમાની ગોસ્વામીએ પોતાનો ઉમદા પ્રતિભાવ આપી સૌ કોઈને પ્રભાવિત કરેલ. કાર્યક્રમનું સંચાલન આઈ.બી.બોકાએ કરેલ.

**બોર્ડની પરીક્ષાના...**

**પાના નં.૩ ચાલુ**

પ્રશ્નો કે સમસ્યાના નિવારણ માટે નીચે જણાવેલ સ્થળે એક કાઉન્સેલીંગ કેન્દ્રની શરૂઆત કરવામાં આવી છે. આ સરનામે તા.૧૦-૩-૨૦૧૭ થી તા.૩૦-૩-૨૦૧૭ સુધી બપોરે ૨ થી ૬ દરમ્યાન સંપર્ક કરી શકાશે.

સરનામુ આ પ્રમાણે છે ભરતભાઈ વૈદ (સંયોજક) શ્રી કે. ડી. પરીખ સેન્ટર ફોર વોકેશનલ ગાઈડન્સ એન્ડ કાઉન્સેલીંગ, બી.એડ કોલેજ બિલ્ડીગ, વિધામંદિર કેમ્પરસ પાલનપુર.

## સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર** | (કીલોના) |
| **ચાંદી ચોરસા** | **૪૨૫૦૦-૪૩૦૦૦** |
| રૂપુ કાચું | ૪૨૫૦૦-૪૩૦૦૦ |
| સોનુ તોલો | ૨૯૨૦૦-૨૯૫૦૦ |
| **તેલ બજાર** | |
| રાધે પામોલીન | ૧૦૦૦ |
| પામોલીન | ૯૬૦ |
| સોયા રીફાઈન | ૧૨૮૦ |
| રાયડાતેલ ૧૫કી | ૧૨૩૦ |
| સીંગતેલ૧૫ લી. | ૧૬૭૦ |
| સીંગતેલ ૧૫ કી. | ૧૬૮૦ |
| સીગતેલ ૫ લી. | ૫૨૦ |
| તિરૂપતી કપા. | ૧૨૫૦ |
| ૫ લીટર | ૪૦૫ |
| વનસ્પતિ ઘી | ૧૦૪૦-૧૧૦૦ |
| રા.રીફાઈન્ડ | ૧૯૫૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૨૧૫૦ |
| ૫ કે. કોપરેલ | ૮૦૦ |
| ૫લી. અંકુર સીંગતેલ | ૫૨૦ |
| **૧૫ લીટર સનફ્લાય** | **૧૨૬૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૭૦ |
| ૫ લી. | ૩૯૦ |
| ૨ લી. | ૧૫૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| ગેટવે પ્રીમીયમ | ૮૫૦૦ |
| ગેટ વ. રોયલ | ૬૦૦૦ |
| ગેટવે રેગ્યુલર | ૫૨૦૦ |
| ગેટવે રીઝાના | ૪૪૦૦ |
| ગેટવે એવરેડી | ૩૯૦૦ |
| ગેટવે ડેઈલી | ૩૪૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૯૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૯૫૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૯૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૬૫૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૬૬૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૬૮૫૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૬૯૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૬૯૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૬૨૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૬૪૫૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૬૫૦૦ |
| દુન પ્રીમીયમ | ૭૨૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૬૬૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૦૦૦ |
| દુન તીબાર ૫ કી. | ૭૩૫૦ |
| દુન તીબાર ૧ કી. | ૭૪૦૦ |
| હાથી ૧૧૨૧ | ૬૮૦૦ |
| બેસ્ટ પ્રીમીયમ | ૭૫૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૬૧૦૦ |
| મગદાળ નર્મદા સુપર | ૫૮૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૫૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૫૦૦ |
| નર્મદા અડદદાળ | ૯૦૦૦ |
| અડદદાળ નર્મદા પ્રી. | ૮૬૦૦ |
| દુન દેહરાદુન દુબાર જુના | ૬૫૦૦ |
| દુન દહેરાદૂન મીની દુબારજુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન સુ.મો.જુના | ૪૫૦૦ |
| દુન દહેરાદૂન મી.મો.જુના | ૩૮૦૦ |
| દુન કણકી જુની | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૩૦૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૦૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૫૮૦૦ |
| હાથી ૮૧૭ આખા નવા | ૬૫૦૦ |
| હાથી૮૧૭ નવા દુબાર પાંણાં | ૫૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૮૫૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૧૦૫૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૭૨૦૦ |
| દાવત સીલેકટનવા | ૮૮૦૦ |
| દાવત સુપર જુના | ૯૮૦૦ |
| દાવત દીલખુશ નવા | ૭૫૦૦ |
| દાવત દીલખુશ જુના | ૬૫૦૦ |
| દાવત દુબાર જુના | ૬૦૦૦ |
| દાવત રોઝાના જુના | ૫૫૦૦ |
| દાવત ૭૦ જુના | ૪૧૦૦ |
| દાવત ૬૦ મીની જુના | ૩૨૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૮૫૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૬૫૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૨૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૨૨૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૮૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૬૫૦૦ |
| હેરીટેજ દુબાર | ૫૦૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૪૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૫૬૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૨૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૮૮૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૮૦૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૮૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૭૪૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૯૦૦-૪૧૦૦** |
| **ખાંડ એમ.** | **૪૧૫૦** |
| ખાંડએલ. | ૪૧૫૦-૪૨૦૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગઠ્ઠા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની | ૧૦૫ |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ | ૧૨૫ |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૬૫૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૧૫૦ |
| જીરાળુ | ૧૯૦૦-૨૦૦૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૫૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૬૦૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૮૬૦ |
| મેંદો | ૮૬૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુ | ૫૨૫ |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૫૦-૨૪૦ |
| સાકરીયા | ૪૫૦૦ |
| ખાંડ બુરૂ | ૪૨૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૯૪ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૦૦-૧૪૦ |
| સુકી ડુંગળી | ૧૪૦-૧૭૦ |
| લસણ | ૧૨૦૦-૧૩૦૦ |
| ધાણા | ૨૦૦-૨૪૦ |
| મરચાં | ૨૪૦-૩૦૦ |
| લીંબુ | ૮૦૦-૯૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૪૦૦ |
| આદુ | ૫૦૦-૬૦૦ |
| રીંગણ | ૨૦૦-૩૦૦ |
| ટામેટા | ૧૬૦-૨૪૦ |
| ભીંડા | ૬૦૦-૭૦૦ |
| કોબી | ૧૦૦-૧૪૦ |
| વટાણા | ૨૪૦-૩૦૦ |
| ટીંડસા | ૪૦૦-૬૦૦ |
| ગવાર | ૧૦૦૦-૧૧૦૦ |
| બાદશાહ બટાકા | ૧૦૦-૧૩૦ |
| સાંગા બટાકા | ૭૦-૧૦૦ |
| ફુલાવર | ૧૨૦-૨૦૦ |
| ચોળી | ૪૫૦-૮૦૦ |
| લીલું લસણ | ૬૦૦-૭૦૦ |
| લીલા ચણા | ૬૦૦-૬૫૦ |

## સોનમ કપુર લોકપ્રિયતાની ચરમસીમા પર પહોંચી છે

મુંબઈ

બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી સોનમ કપુરની કેરિયર હવે ઝડપી ગતિએ વધી રહી છે. સોનમ કપુર હાલમાં ત્રણ મોટી ફિલ્મમાં કામ કરી રહી છે. જેમાં સંજય દત્તની લાઈફ પર બની રહેલી દત્ત ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મમાં તે રણબીર કપુરની સાથે કામ કરી રહી છે. રણબીર સંજય દત્તની ભૂમિકામાં નજરે પડનાર છે. આ ઉપરાંત તે વીર ધી વિડિંગમાં પણ દેખાશે. જેમાં તેની સાથે કરીના કપુર પણ નજકરે પડનાર છે. થોડાક સમય પહેલા સલમાન સાથે પ્રેમ રતન ધન પાયો બાદ સોનમ લોકપ્રિયતાની ચરમસીમા પર છે. તેની પાસે સારી ફિલ્મો આવી રહી છે. આવનાર દિવસો તેના માટે ઉપયોગી રહી શકે છે. અનિલ કપૂરની પુત્રી સોનમ કપૂરને બોક્સ ઓફિસ ઉપર હવે ધીમે ધીમે લોકપ્રિયતા હાથ લાગી રહી છે. શરૂઆતમાં તેને સફળતા નહીં મળ્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે સોનમ કપૂર ફેંકાઈ જશે પરંતુ ભાગ મિલખા ભાગ અને રાઝના ફિલ્મને સફળતા બાદ સોનમ કપૂર ફરી મેદાનમાં આવી ગઈ છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત અહેવાલ મુજબ સોનમ કપૂરને મોટા બેનરની ફિલ્મોની ઓફર પણ થઈ રહી છે. વર્ષો પહેલા બનેલી ખૂબસુરત ફિલ્મની રિમેકમાં સોનમ કપૂર રેખાની ભૂમિકા ભજવી હતી. તેની ફિલ્મની પ્રશંસા થઇ હતી. ભાગ મિલખા ભાગ અને રાંઝના ફિલ્મમાં તેની ભૂમિકા લોકોને પસંદ પડી હતી. તેના પિતા અને વિતેલા વર્ષોના સુપર સ્ટાર અભિનેતા અનિલ કપૂરનું કહેવું છે કે સોનમ પણ આવનાર સમયમાં એક કુશળ અભિનેત્રી તરીકે ઊભરી આવશે. જો કે અનિલ કપૂરે પોતાની પુત્રીને લઈને કોઈ ફિલ્મ બનાવવાની હજુ સુધી વાત કરી નથી. સોનમને ફેશનની દુનિયામાં ટોચની સેલિબ્રિટી ગણવામાં આવે છે.

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

ચીજવસ્તુઓના બહિષ્કાર કરવો છે તો જ આ બાબતે આગળ વધી શકાશે..!

ચીન પાકિસ્તાન સાથે સારા સંબંધો ધરાવે છે અને તે પાક. સાથે હથિયારોનો સોદો કરે છે. ગત વર્ષે ૧૨૨ કરોડના શસ્ત્રો ચીન પાસેથી પાકિસ્તાને મેળવ્યા હતા. આ શસ્ત્રોનો ઉપયોગ કયાં અને કોના માટે કરવાનો છે તે ભારત જાણે છે પરંતુ ભારત પાકિસ્તાનની નાપાક પ્રવૃત્તિઓથી વાકેફ થઈ ચુકયું છે પરંતુ કાશ્મીર વિવાદના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે કોઈપણ સંજોગોમાં મંત્રણા થઈ શકે તેમ નથી. આ બાબતે ચીન દરમિયાનગીરી કરવા ઈચ્છે છે પરંતુ ભારતના વિદેશ સચિવે ચીનને રોકડું પરખાવી દીધું છે કે ચીન તેની હદમાં રહે તો સારૂં..

ચીન અને પાકિસ્તાનને હથિયારોનો ભંડાર આપે તેનાથી ભારતને કંઈ જ લેવાદેવા નથી પરંતુ કાશ્મીર મામલે ચીને દખલગીરી કરવી જોઈએ નહીં. અને ભારતીય સરહદોની અંદર ચીની સૈનિકોના પ્રવેશને અટકાવવા ભારત કોઈપણ જાતનું પગલું ભરી શકે છે. આ બાબત ચીને ધ્યાનમાં રાખવી જોઈએ.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

''ભોળો અને તું'?

-એક ઍંગલથી ભોળો નથી.

-રાવણનો; કાકો થાય એવો છે.

-રામનું નામ અને..

-તને તો શાની ઉપમા આપવી ?

-આટલા બધા અપલખ્ખણ પડ્યા છે ?

-તોય તું ભોળો ?

-નાના ભેળો..?

-ભોળો ભગત

-ઓ ભગત.

બાપજીએ-બાબાએ કહ્યું, 'આપ આમ મારી સામે ઘડી ઘડી ખોવાઈ જશો તો કેમનું ચાલશે ? અને રહી વાત સમયની.. મારી પાસે સમય નથી.!

-ને મેં કહેવા માંડ્યુ.

-બાબા આંખો બંધ કરીને સાંભળતા પંદર મિનિટ સુધી સમસ્યાઓ દીધો રાખી.પત્નીથી માંડી પરિવાર સુધી..પુત્રથી માંડી પડોશણ સુધી.. પટાવાળાથી બોસ સુધી.'

બરાબર પંદરમી મિનિટે બાબાએ એક આંખ કરી મારી સામે..પછી પાસે પડેલી ઘડીયાળના ચંદા ભણી જોયું. અને એ સાથે જ વચ્ચે જ કહ્યુ-ભોળા ભગત હજુ સમસ્યાઓ છે કે આગળ વધવાનું છે ?

'હા બાપજી હા..'મેં કહ્યું આજે આપ જેવા તો મારી સમસ્યાઓ સાંભળો છો બાકી..'

પાો હું ખોવાઈ ગયો.

-કોર્પોરિશનવાળા મારી અરજી લેતા નથી. લે છે તો ધ્યાન આપતા નથી.

-પોલીસ કહે છે'સાલે હમારે કામમે દખલ, મત દે..' વર્ના અંદર કર દેંગે કે કભી બહાર નહી આયેગા..'

-ભાઈઓ કહે છે' અગર તુંને હમારે બારે મેં એક શબ્દ બોલતો..' દેખના હમ ક્યા કરતે હૈ..

'રાજ નેતાઓ કહે છે -તમારૂ બધુ થઈ જશે મત આપો..

હું બોલે જતો હતો..અચાનક આંખો ખોલી ત્યા હતા બાબા કે બાપજીના એમના ચેલા.. મારી સમસ્યાઓ ત્યાંની ત્યાં હતી અને બાપજી અને ચેલા મંડળી ચા-પાણી માટે ગઈ હતી.

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ) મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## અજબગજબની દુનિયા

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

ખાઈએ અને પચાવીઓ તો ચોક્કસ આપણું વજન વધે છે.

૨૪ કલાકમાં આપણે ૪,૮૦૦ શબ્દો બોલીએ છીએ પણ તમે પ્રધાન કે નેતા હશો તો તે ૪૮૦૦ ના બદલે ૪૮૦૦૦ શબ્દો બોલતા હશો, આપણે બે કિલો પ્રવાહી પીએ છીએ. આપણા મગજના ૭૦ લાખ કોષો તથા ૭૫૦ મોટા સ્નાયુઓ કાર્ય કરે છે. આપણે ઊંઘમાં એક બે ડઝનવાર પડખાં ફેરવીએ છીએ.

**કમલેશ કંસારા**

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

### હેપ્પી બર્થ-ડે ભાવિક



પિતા :- ફતેસિંહ વાઘેલા
માતા :- સોનલબેન વાઘેલા
દાદા :- સાદુળજી
દાદી :- તારાબેન
ભાઈ :- સોહમ, ધવલ, જનક, વિસ્મય
બહેન : દિશીતા, સેજલ, તુલસી
માસી: કૈલાસ, હેતલ
જન્મ તા.૫/૦૩/૨૦૦૫
ઉ.વ.૧૨
ફર્મ : દાંતીવાડા બીજ નિગમ, ડીસા
મુ.વડાવળ તા.ડીસા જી.(બ.કાં.)

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

### જન્મદિન મુબારક

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ................ઉ.વ.
પરિચય: ..................................................
સરનામુ : ..................................................
મોકલનારની સહી : ........................................

## રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને પૂર્વ ધારાસભ્ય શ્રીમતી આનંદીબેન પટેલ પાટણના પ્રવાસે બે કાર્યક્રમમાં હાજરી આપશે

પાટણ

ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી અને પાટણના બે ટર્મ સુધી ધારાસભ્ય તરીકે ચૂંટાઈ ઐતિહાસિક કામગીરી કરનાર પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તારીખ ૫- માર્ચને રવિવારના રોજ પાટણ ખાતે બે કાર્યક્રમમાં પધારનાર છે.

શ્રીમતી આનંદીબેન પટેલ સાંજે ૬:૦૦ કલાકે પાટણ જિલ્લા પુસ્તકાલયની મુલાકાત લઈ તેઓને ભેટ સ્વરૂપે મળેલ ૧૦૦ થી વધુ પુસ્તકો પાટણના નાગરિકો માટે અર્પણ કરશે. સતત બે વાર પાટણ વિધાનસભાના ધારાસભ્ય તરીકે રહી બેનનો પાટણ માટેનો પ્રેમ હજુ પણ અકબંધ છે તે બતાવે છે ઉપરોક્ત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ રાત્રે ૮:૦૦ કલાકે વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન આયોજીત શ્રી સરસ્વતી શિશુમંદિર પાટણ દ્વારા વાલી સંમેલનમાં છબીલા હનુમાન મંદિર, છીંડીયા દરવાજા ખાતે હાજરી આપશે. આ બન્ને કાર્યક્રમમાં

પાટણના તમામ કાર્યકર્તા ભાઈ- બહેનોને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## કલેકટર કચેરી -ડીઝાસ્ટર કન્ટ્રોલ રૂમ ફરજ પર ગેરહાજરી માટે નોટીસ આપવામાં આવી

હિંમતનગર

કલેકટર કચેરી ડીઝાસ્ટર શાખા માં ૨૪ કલાક ચાલતો કંટ્રોલ રૂમ કોઈ પણ પ્રકારની કુદરતી કે માનવ સર્જિત આપતીમાં મુખ્ય સંકલનકર્તા કચેરી તરીકે ૨૪ કલાક કાર્યરત રહેછે ,આ કંટ્રોલ રૂમે રાજ્ય /પંચાયત કચેરીઓના તમામ કર્મચારીઓને ફરજ સોપણી કરવામાં આવે છે,અને કયા સમયે શું કામગીરી કરવી તેની તાલીમ પણ આપવામાં આવે છે ,ફેબ્રુઆરી ૨૦૧૭ ના સમયગાળા માં આવી ફરજ સોપેલ હોવા છતાં ગેર હાજર રહેનાર ૪ જેટલા કર્મચારીઓને નિવાસી અધિક કલેકટર ના આદેશાનુસાર ડીઝાસ્ટર વિભાગ સાબરકાંઠા ધ્વારા ગુજરાત રાજ્ય આપતી વ્યવસ્થાપન અધિનિયમ ૨૦૦૩ મુજબ નોટીસ ફટકારવામાં આવેલી છે અને સમય મર્યાદામાં ગેરહાજરી સબબ ખુલાસો માંગવામાં આવેલો છે આવા કર્મચારીઓમાં માર્ગ અને મકાન પંચાયત ,ખેતીવાડી ,વન વિકાસ અને પંચાયત શાખા નો સમાવેશ થાય છે

## ઈન્ડિયન આઈડલ ૯ પર વરુણ માટે સંકોચજનક અવસર!



વરુણ ધવન અને આલિયા ભટ્ટહાલમાં તેમની ફિલ્મને પ્રમોટ કરવા માટે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝનના ઈન્ડિયન આઈડલ ૯ના સેટ્સ પર જોવા મળ્યાં હતાં. તેઓ બધા સ્પર્ધકો માટે મેચ મેકર્સ બન્યાં હતાં અને માલ્વિકા સુંદરના પરફોર્મન્સ પછી વરુણે માલ્વિકા સુંદરને પૂછ્યું કે તે શો પર એકમાત્ર છોકરી હોવાથી તેને કેવા ગુણો ધરાવતો પુરુષ ગમશે. માલ્વિકા શરમાઈગઈ હતી અને કહ્યું કે તે એસઆરકેની જેમ રોમેન્ટિક હોવો જોઈએ અને તેથી મહત્ત્વપૂર્ણ એ છે કે તેને ચેન્નાઈ ડાન્સ આવડવો જોઈએ, વરુણે ત્યારે પહેલી વાર ડાન્સનું આ સ્વરૂપ પ્રયાસ કરવાની ઈચ્છા બતાવી હતી અને માલ્વિકા સાથે મંચપર જોડાઈ ગયો હતો. ઉપરાંત તેની પેન્ટ અત્યંત ટાઈટ છે એવી પોતાને ચેતવણી આપી હતી અને પોતાને સાવચેત રહેવું પડશે અને તે અનુસાર ડાન્સ કરવો પડશે. માલ્વિકાન સ્ટેપ્સ સાથે મેળ સાધતાં વરુણની પેન્ટ સાચેસાચ ફાટી ગઈ હતી, જેને લીધે મંચની વચ્ચે તે અત્યંત શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયો હતો.

ખેલદિલ વલણ માટે જાણીતા વરુણે હસતાં હસતાં એક ખૂણો પકડી લીધો હતો અને શોનો હોસ્ટ કરણ વાહી તેની મદદે આવી ગયો હતો. કરણે ઉત્સ્ફૂર્ત પ્રતિક્રિયા આપી હતી અને તે વરુણની નજીક આવતાં જ વરુણે તેની પર ભૂસકો મારી દીધો હતો. આ યુવા અભિનેતાએ અત્યંત ઝડપથી નવી પેન્ટ બદલી નાખી હતી અને પાછો આવ્યો હતો, જે સમયે તે પોતાની ફાટેલી પેન્ટ ગરદનમાં વીંટાળીને લાવ્યો હતો.આ ખેલદિલ વલણ બદલ સેટ પર બધા જ આશ્ચર્યમાં મુકાયા હતા અને પ્રભાવિત થયા હતા. વળી, તે પછી વરુણે પોતાની ફાટેલી પેન્ટની લિલામી પણ કરી હ તી. આ પછી દર્શકોની માગણીને લઈ તેમની વચ્ચે ફેંકી દીધી હતી, જે પછી માલ્વિકા સાથે બાકી ડાન્સ પૂર્ણ કર્યો હતો.જોતા રહો ઈન્ડિયન આઈડલ ૯ પર વધુ એક મોજમસ્તી ભર્યો એપિસોડ, રવિવાર, રાત્રે ૮, ફક્ત સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર!

## વિવિધ બજાર ભાવ

**ડીસા**

| | |
|---|---|
| ઘઉં | ૨૯૭-૩૪૧ |
| બાજરી | ૨૯૦-૩૨૫ |
| એરંડા | ૭૭૮-૭૯૬ |
| રાયડો | ૬૪૦-૬૮૦ |
| અડદ | ૮૦૦-૯૦૦ |
| ગવાર | ૬૮૫-૭૦૦ |
| રાજગરો | ૭૧૦-૮૨૧ |
| મગફળી | ૮૨૫-૮૮૧ |
| જીરૂ | ૨૭૭૦-૩૦૨૧ |

**ભીલડી**

| | |
|---|---|
| એરંડા | ૭૮૭-૭૯૪ |
| રાયડો | ૬૧૧-૬૭૦ |
| ઘઉં | ૪૦૨ |
| રાજગરો | ૭૧૩-૭૮૯ |
| બાજરી | ૨૯૦-૨૯૬ |
| ગવાર | ૬૮૧-૭૦૦ |
| જીરૂ | ૨૮૦૦-૨૮૧૨ |
| તલ | ૧૨૫૮ |

**વડગામ**

| | |
|---|---|
| ઘઉં | ૩૫૦ |
| બાજરી | ૨૬૫ |
| એરંડા | ૭૮૭-૭૮૫ |
| રાયડો | ૬૩૫-૬૭૮ |
| રાજગરો | ૭૦૦-૭૪૫ |
| ગવાર | ૬૯૫-૬૯૯ |

**ધાનેરા**

| | |
|---|---|
| ઘઉં | ૩૫૨-૩૬૧ |
| એરંડા | ૭૩૦-૭૮૭ |
| મગ | ૮૧૦-૮૨૦ |
| ગવાર | ૬૫૧-૭૫૦ |
| અસાળીયો | ૧૧૩૦ |
| રાયડો | ૬૫૦-૭૦૬ |
| બાજરી | ૨૭૨-૩૧૦ |
| તલ | ૧૨૨૬-૧૨૩૮ |
| રાજગરો | ૬૭૧-૭૯૭ |
| જીરૂ | ૨૯૦૦-૩૧૫૭ |
| સુવા | ૧૯૦૦ |
| મેથી | ૫૩૪-૫૫૭ |
| વરી. | ૧૦૦૦ |
| ઈસ. | ૨૧૦૦ |

**લાખણી**

| | |
|---|---|
| એરંડા | ૭૮૬-૮૦૦ |
| રાયડો | ૬૫૦-૭૦૦ |
| ગવાર | ૬૯૩-૭૦૭ |
| રાજગરો | ૭૧૧-૭૮૭ |
| બાજરી | ૨૯૧-૩૦૬ |
| ર.બાજરી | ૩૦૨-૩૦૭ |

**થરાદ**

| | |
|---|---|
| એરંડા | ૭૭૫-૭૮૬ |
| રાયડો | ૬૫૦-૭૦૮ |
| તલ | ૧૧૨૫-૧૧૯૬ |
| જીરૂ | ૨૬૦૦-૩૫૦૦ |
| ઈસ. | ૧૯૬૦-૨૧૦૦ |
| બાજરી | ૨૯૩-૩૦૦ |
| મઠ | ૫૦૦-૫૮૦ |
| મગ | ૭૮૫-૮૦૭ |
| ગવાર | ૬૯૧-૭૩૩ |
| બીજડા | ૯૦૧-૯૨૦ |
| મેથી | ૫૫૧-૬૪૦ |

**રાહ**

| | |
|---|---|
| એરંડા | ૭૮૫-૭૯૦ |
| રાયડો | ૬૮૫-૬૯૧ |
| બાજરી | ૨૮૦-૩૧૦ |

**સિદ્ધપુર**

| | |
|---|---|
| એરંડા | ૭૬૧-૮૦૦ |
| રાયડો | ૫૬૧-૭૦૨ |
| ગવાર | ૬૭૫-૭૦૮ |
| ઘઉં | ૨૮૦-૪૨૬ |
| બાજરી | ૨૦૭-૩૦૦ |
| જુવાર | ૩૧૦-૪૭૫ |
| કપાસ | ૯૭૦-૧૧૭૦ |

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૨૭૦૦-૩૧૭૫ |
| એરંડા | ૭૮૨-૭૯૭ |
| અડદ | ૯૪૦-૧૦૪૦ |
| રાયડો | ૬૪૦-૬૮૩ |
| ઘઉં | ૨૯૦-૩૬૬ |
| રજકા બા. | ૨૯૦-૩૧૪ |
| મગ | ૬૮૫-૮૫૧ |
| તલ | ૧૧૫૦-૧૧૬૧ |
| જુવાર | ૩૮૧-૫૦૦ |
| ગવાર | ૬૨૦-૬૮૦ |
| બાજરી | ૨૯૦-૩૧૦ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૨૩૯૧-૩૦૯૧ |
| વરી. | ૧૦૨૬-૧૩૪૦ |
| મેથી | ૫૭૫-૬૫૪ |
| રાયડો | ૬૪૦-૭૧૫ |
| એરંડા | ૭૭૦-૮૦૦ |
| ગવાર | ૬૬૦-૭૦૭ |
| ઘઉં | ૩૦૦-૩૫૩ |
| બાજરી | ૨૭૦-૩૦૭ |
| બંટી | ૩૭૦-૩૮૦ |
| રજકા બા. | ૨૮૦-૩૦૭ |
| જુવાર | ૪૩૦-૪૪૬ |
| અડદ | ૯૧૨-૧૧૦૦ |
| તલ | ૧૦૯૯-૧૧૩૧ |
| કપાસ | ૮૫૦-૧૧૮૫ |

## પાલિકાના બજેટમાં ગરમાગરમી: આડે હાથ લેવાતાં મુખ્ય અધિકારી બોર્ડ છોડીને જતા રહ્યા

મહેસાણા

મહેસાણા નગરપાલિકામાં ગુરુવારે યોજાયેલા બજેટ બોર્ડમાં બજેટની ચર્ચા પહેલાં ભાજપના નગરસેવક કૌશિક વ્યાસે ચીફ ઓફિસરે શહેરની સફાઈ મામલે એક મહિનામાં કંઈ કર્યું નથી, લોકો સભ્યોનાં કપડાં ફાડે તેની રાહ જોતા હોય તેવું લાગે છે વગેરે કહીને આડેહાથ લીધા હતા. સભ્યોને મોબાઈલ પર ધમકી આપતા હોવાનું કહી તું તારી જાતને સમજે છે શું તેવું કહેતાં ઉપપ્રમુખે વચ્ચે પડતાં તું તારી નહીં કરવાની કહીને વિરોધ કરતાં મામલો વણસ્યો હતો અને છેવટે ચીફ ઓફિસર નવનીત પટેલ સભા છોડીને ચાલ્યા ગયા હતા.

કૌશિકે ચીફ ઓફિસરને એરોડ્રામનું સીલ ખોલવાની બાબતે ઘેરીને આગળની કાર્યવાહી માટે વકીલ કેમ નથી રોક્યો, અરવિંદ બાગ મામલે સહયોગને નોટિસ કેમ નથી આપી, ગટર સફાઈના કોન્ટ્રાક્ટરને નોટિસ આપ્યા બાદ શું કર્યું, બે બિલ કેમ આપી દીધાં સહિત વિવિધ મુદ્દે ઘેર્યા હતા. ક્લાસ-૧ અધિકારી તરીકે આપણે તેમને માનથી જોઈએ છીએ, પણ એ આપણને માનથી જોતા નથી, તેમને તે રીતે રહેતાં નથી આવડતું, શહેરની પ્રજાને બાનમાં લેવાનો પ્રયાસ કરતા હોવાનો, ૪૪ સભ્યો નક્કી કરે એ ગોળીને પી જવા સહિતના આક્ષેપ કર્યા હતા તેમજ ચીફ ઓફિસર શહેરમાં જ રહે અને પાલિકામાં હાજર ન હોય તો ક્યાં જાય છે તેનું રજિસ્ટર નિભાવવાની માંગ કરી હતી જેમાં અન્ય સભ્યોએ પણ સાદ પૂરાવ્યો હતો.

શહેરના વિકાસમાં રસ ન હોય, મહેસાણામાં રહેવું ન હોય, ફક્ત ભાજપ અને કોંગ્રેસના મિત્રોને અંદરોઅંદર લડાવીને એમના રોટલા શેકવા હોય તો આપણે સરકારને રજૂઆત કરી એમને બહાર મોકલવાનું કરીએ વગેરે કહ્યું હતું. જેમાં ચીફ ઓફિસરે પણ ખોટા આક્ષેપ ન કરો, મેં બહું દિવસ કામ કર્યું છે, આ રીતે નહીં ચાલે કહીંને વિરોધ નોંધાવ્યો હતો. સીઓ ના ગયા બાદ કૌશિક વ્યાસે કંઈ વધુ બોલાઈ ગયું હોય તો હું બોર્ડની માફી માગું છું.

**કચરાનો ઈસ્યુ બાબલીભાઈ તમે જ ઊભો કર્યો છે : ઉપપ્રમુખ**

ચીફ ઓફિસર પર વરસી પડેલા કૌશિકને તું તારી ના કરો? કહીંને ઉપપ્રમુખ જયદીપ ડાભીએ સંભળાવી દીધું હતું કે, કચરાનો ઈસ્યુ બાબલીભાઈ તમારા લીધે જ થયો છે, તમે કહ્યું જવાબદારી આવશે એટલે બોર્ડમાં બધા સભ્યોએ ના પાડી, અમે તો ૪૦ રૂપિયાનો વધારો આપવાનું નક્કી કર્યું હતું.

## પાટણમાં કેટલાક ઉબડખાબડ માર્ગોનું ત્વરિત નવિનીકરણ કરવા માંગ

પાટણ

પાટણમાં સાલવીવાડાથી જુની સ્ટેટ બેંક તરફ જવાનો રોડ છેલ્લા કેટલાય સમયથી બિસ્માર અને ઉબડખાબડ બની ગયેલ છે. જે બાબતે પાલિકામાં અનેકવાર રજુઆત કરી હોવા છતાં રોડનું નવિનીકરણ થઈ શક્યું નથી.

જાણવા મુજબ પાટણમાં પાલિકા દ્વારા અનેક વિકાસના કામો થાય છે, પાલિકામાં અગાઉ ભાજપની બોડી હતી ત્યારે બાકી પડેલા વિકાસના કામો પાલિકાની કોંગ્રેસની બોડી દ્વારા હાથ ધરવામાં આવે તો વાહન ચાલકોને રાહત થઈ શકે. સાલવીવાડાથી રતનપોળ અને રતનપોળથી કનસડા દરવાજા સુધીનો રોડ પેવર બનાવવામાં આવે તો અહીંના રહીશોની વર્ષો જુની માંગણી સંતોષાય. જ્યારે આજ વિસ્તારમાં ફતેસિંહ રાવ લાયબ્રેરીથી કે.કે.ગર્લ્સ હાઈસ્કૂલનો રોડ પણ પેવર બનાવવામાં આવે તેવી માંગણી ગત વર્ષે પણ કરવામાં આવી હતી. પાલિકા દ્વારા આ બે-ત્રણ નાના રોડનું કામ સત્વરે શરૂ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

## પાટણમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ

પાટણ

પાટણ શહેરના નમસ્કાર બંગ્લોઝ પાસે રોડ પરથી પસાર થતી એક મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ કરીને બાઈકચાલકો નાસી છૂટતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે પોલીસને જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે દોડી આવી બાઈક સવારોની તપાસ હાથ ધરી હતી.

પાટણ શહેરમાં સોનાના દોરાની ચીલઝડપ કરનાર ગેંગ સક્રીય બની હોય તેમ અવારનવાર મહિલાઓના ગળામાંથી સોનાની ચેન અછોડાની ચીલઝડપના અનેક બનાવો પ્રકાશમાં આવ્યા છે છતાં આજ દિન સુધી પોલીસે એકપણ ગુનાનો ભેદ ઉકેલ્યો નથી ત્યારે વધુ એક મહિલાના ગળામાંથી સોનાના દોરાની ચીલઝડપ થવાનો બનાવ પ્રકાશમાં આવતા મહિલાઓમાં ભય જોવા મળી રહ્યો છે. શહેરના ચાણસ્મા હાઈવે રોડ પર આવેલ ગોલ્ડન ચોકડીથી હાઈવે તરફ જતાં રોડ પર દુધ શીત કેન્દ્ર પાસે આવેલ નમસ્કાર બંગ્લોઝમાં રહેતા જયોત્સનાબેન હર્ષદભાઈ પટેલ આકડાના પાન લેવા માટે સાંજે છ વાગ્યાના સુમારે ઘરેથી નીકળીને રોડ પર જઈ રહ્યા હતા તે દરમ્યાન પલ્સર બાઈક પર આવેલા બે શખ્સો પૈકી પાછળ બેઠેલા ઈસમે તેઓના ગળામાંથી સવા બે તોલા વજનનો દોરો આંચકી લઈ ભાગી છૂટયા હતા. આ બનાવને પગલે હતપ્રભ બનેલી મહિલાએ બુમાબુમ કરી મુકતાં લોકોનાં ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને અજાણ્યા બાઈકસવારોની શોધખોળ હાથ ધરી હતી. આ ઘટનાની જાણ પોલીસને થતાં બી ડીવીઝન પી.આઈ. એ.વી.રાજગોરે ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી.

## લોકપ્રિય 'તારક મહેતા કા ઉલટા ચશ્મા' સીરીયલમાં હવે જોવા મળશે નવો ટપુ જેનું પાત્ર ભજવશે રાજકોટનો - રાજ અનડકટ

મુંબઈમાં છેલ્લા અસંખ્ય ઓડિશન બાદ લોકપ્રિય ટીવી શો 'તારક મહેતા કા ઉલટા ચશ્મા'નો ટપુ બદલાઈ રહ્યો છે . આ માટેઅનેક લોકોના ઓડિશન લેવામાં આવ્યા હતા. 'તારક મહેતા કા...' શોમાં ગોકુળધામનો લોકપ્રિય પાત્ર ટપુ છે જે હવે ગુજરાતના રાજકોટ નોરાજ અનડકટ ભજવશે. આ પાત્ર ઘણા વર્ષોથી ભવ્ય ગાંધી દ્વારા ભજવવામાં આવ્યું હતું તે હવે રાજ અનડકટ દ્વારા ભજવવામાં આવશે. સિરિયલનીક્રિએટીવ ટીમે આ પાત્ર માટે રાજ ઉપર પસંદગી ઉતારી છે કારણ કે આવનારા ટપુના પાત્રમાં જરૂરી બદલાવ ખુબ જ સહજતાથી કરી શકે તેવુ તેમનેલાગ્યું છે. ટપુના પાત્રને અદ્ભુત રીતે ન્યાય આપવા માટે તેમજ ડાન્સ,ગીતો અને સુંદર અભિનય દ્વારા લોકોનું મનોરંજન સરસ રીતે પૂરૂ પાડી શકેતેવા વિશ્વાસ સાથે રાજની પસંદગી કરવામાં આવી છે. એવો અમને વિશ્વાસ છે અને ટપુના પાત્રને અદભૂત રીતે ન્યાય આપશે. 'આ શોમાં ટપુને બદલવાનો આ નિર્ણય અમે પરીસ્થિતીને આધારે લીધો છે. હવે અમે તમારી સમક્ષ નવા ટપુને લઈને આવી રહ્યા છીએ. ભવ્ય ગાંધી ઘણા વર્ષથી જોડાયેલો હતો પરંતુ તેના હાલના બદલાયેલા વલણ અને



પાત્ર ને પૂરતો ન્યાય મળતો હોવાથી તેને બદલવાની જરૂર ઉભી થઈ હતી. ભવ્ય ગાંધીએ અમને જાણ કર્યા વિના કેટલીક જવાદારી સ્વીકારી અને તે કાર્યને અગ્રમક્તા આપ્યુ હતુ. ભવ્ય ગાંધી આટલો બદલાઈ જશે તેની કલ્પના નહોતી અને હુંતેનાથી ખૂબ દુ:ખી છું, તેની આજે જે ઓળખ છે, તે અમારા આ શો 'તારક મહેતા કા ઉલટા ચશ્મા' દ્વારા જ થઈ છે. સફળતાની સાથે સહનશક્તિ ઘટી જાય તે યોગ્ય નથી. અમે આથી જ નવા ટપુને લેવાનો નિર્ણય કર્યો છે.. તેમણે કહ્યું હતું, અમારા આશોમાં કથાનકના આધારે જ સિરિયલોમાં પાત્ર નક્કી કરવામાં આવ્યા છે અને તેને આધારિત જ ટીમના દરેક કલાકાર કામ કરે છે. ટપુને મેં નાનપણથીમારી સામે મોટો થતા જોયો છે. જ્યારે એ બાળક હતો ત્યારે તેની એક્ટિંગ ખૂબ જ મોહક હતી. હવે જ્યારે અમે તેને કોલેજમાં ભણતા પાત્રમાં લઈ આવ્યા ત્યારે તેની યોગ્ય દર્શાવી શક્યો નહી અને તે માટે બદલાવ જરૂરી હતો અને નવો રાજ ખુબ જ સુંદર કામ કરશે. અમને વિશ્વાસ છે કે રાજટપુના પાત્રને નવી ઊંચાઈ પર પહોંચાડશે.

## પાટણમાં ઘરમાં ઘૂસી ૧.૩૬ લાખની લુંટ

### શ્રીનગર,વલ્લભનગર સોસા.માં તરખાટ : ૫ મકાનોને નિશાન બનાવ્યા

પાટણ

પાટણશહેરના ગાયત્રીમંદિર પાછળ આવેલ શ્રીનગર સોસાયટીમાં ચાર જેટલા મકાનો તેમજ વલ્લભનગર સોસાયટીના એક મકાનને તસ્કરોએ સોમવારે વહેલી સવારે નિશાન બનાવ્યા હતા જેમાં એકમાત્ર મકાનમાં અજાણ્યા બુકાનીધારીઓએ ઘરમાં સુઇ રહેલા બુઝર્ગને છરી બતાવી તીજોરીની ચાવી લઇ રૂ.૧.૩૬ લાખની લૂંટ ચલાવી હતી.

પાટણ શહેરની શ્રીનગર સોસાયટીના બ્લોક નં- ૬૨માં રહેતા બુઝર્ગ કાંન્તીભાઇ મંગળદાસ પટેલના પત્ની બબીબેન સોમવારની વહેલી સવારે ૫ : ૩૦ કલાકે મકાનના દરવાજાને બહારથી તાળુ મારી બ્રહ્માકુમારી સેન્ટરમાં ગયા હતા. અંદર કાન્તીભાઇ સુઇ રહેલા હતા. ત્યારે પરોઢીયે ૫: ૪૦ કલાકે બે શખ્સોએ મકાન દરવાજાનું તાળુ તોડીને ઘરમાં પ્રવેશી લાઇટો ચાલુ કરતા કાંન્તીભાઇ જાગી જતા બન્ને શખ્સો તેઓને મોંઢા અને આંખ ઉપર હાથ દબાવી પોતાની પાસેનો છરો બતાવી તિજોરીની ચાવી લઇને અંદર પડેલ સોનાનું મંગળસૂત્ર સોનાનું બેસ્લેટ સોનાની બુટ્ટી વીંટી ચૂંક તેમજ રોકડ રકમ રૂ.૨૦૦૦૦ તેમજ બે ચેકબૂકો સર્ટીફિકેટ મળી કુલ રૂ.૧.૩૬ લાખ ચોરી કરી ભાગી છૂટ્યા હતા.

બનાવને લઇ કાંન્તીભાઇ પટેલે મલ્હાર બગ્લોજ ખાતે રહેતા તેમના દિકરા અનિલ તેમજ ભાઇને ફોન જાણ કરી બોલાવ્યા હતા. તસ્કરોએ પડોશના પ્રજાપતિ પ્રભુભાઇ દેવચંદદાસ , પ્રજાપતિ ડુંગરભાઇ દેવચંદભાઇ અને ભરતભાઇ શંકરલાલ પટેલ બોરસણવાળા મકાન પણ નિશાન બનાવ્યા હતા. આજ વિસ્તારમાં આવેલી વલ્લભ નગર સોસાટીમાં રહેતા લીલાબેન પ્રહલાદભાઇ પટેલના બંધ મકાનને પણ તસ્કરોએ નિશાન બનાવતા આજુ બાજુના રહિશો જાગતા તસ્કરો ભાગી છૂટ્યા હતા.

## દારૂ પીધેલી હાલતમાં ગાડી ચલાવતા ઊંઝા પાલિકા પ્રમુખના પતિ ઝડપાયા

મહેસાણા

ઉંઝા નગરપાલિકાના પ્રમુખના પતિએ વિદેશીદારૂની ૨૦ બોટલો વેંચાણ અર્થે મંગાવી હોવાની સાથોસાથ દારૂ પીધેલી હાલતમા ગાડી ચલાવવાનો ગુનો ઉંઝા પોલીસ મથકમા નોંધાતા સમગ્ર મામલો ચર્ચાસ્પદ બન્યો છે.

ઉંઝા ઐઠોર ચોકડી પર વિદેશીદારૂનો જથ્થો ઉતર્યાની મળેલી બાતમીના આધારે ઉંઝા પીઆઇ એ.બી.વાળંદે ગુરૂવારે રાત્રે ૮.૫૨ ક લાકે અહી રેડ કરી હતી.જેમાં રૂ ૪૧૭૦ની કિંમતની વિદેશીદારૂની ૨૦ બોટલો સાથે ઝડપાયેલા અમ્રત ઉર્ફે દાસ મુકેશજી ભલાજી રહે.કીલાદરાએ દારૂનો જથ્થો જીતુભાઇ ઉર્ફે મીલન રાયચંદદાસ પટેલે મંગાવ્યો હોવાની કરેલી કબુલાતને પગલે પોલીસે તેમની ધરપકડ કરી હતી.આ અંગે પોકો.દશરથે જીતુભાઇ પટેલ વિરૂધ્ધ પ્રોહીબીશનનો ગુનો નોંધાવ્યો હતો.

જ્યારે બીજીબાજુ ઉંઝા પાલિકા પ્રમુખના પતિ જીતુભાઇ પોતાની જીજે.રસીયુ ૯૬૨૭ નંબરની ગાડીમાં દારૂપીધેલી હાલતમાં મળી આવ્યાનો વધુ એક ગુનો પોકો.આજેશ નટવરભાઇએ ઉંઝા પોલીસ મથકમા નોંધાવી હતી.જેની તપાસ એએસઆઇ બાલાસાહેબ કરી રહ્યા

## પ્રાંતિજ ત્રણ રસ્તા પર ઈકો-ટ્રેલર વચ્ચે અકસ્માત : એકનું મોત

પ્રાંતિજ

પ્રાંતિજ ત્રણ રસ્તા પર એક ટ્રેલર ચાલકે ઈકો કારને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યકિતનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. જયારે અન્ય એક વ્યકિતને ઈજાઓ પહોંચતા તેને સારવાર માટે પ્રાંતિજની સિવિલમાં ખસેડાયા હતા.

પ્રાંતિજ ત્રણ રસ્તા પર બુધવારે મોડી રાત્રે રાજસ્થાન તરફથી અમદાવાદ તરફ જતા ટ્રેલર ના ચાલકે ઈકો કારને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં જીતુભાઇ મિસ્ત્રીનું ઘટના સ્થળ પર મોત નિપજયુ હતું. જયારે પ્રાંતિજના જ શ્રીકાન્તભાઇ પટેલને ગંભીર ઈજાઓ પહોંચતા પ્રાંતિજ પી.આઇ. ટી.બી.રાઠોડે ઈજાગ્રસ્તને પોલીસવાનમાં સારવાર અર્થે પ્રાંતિજની સિવિલમાં લઇ ગયા હતા. પ્રાંતિજ પોલીસે અકસ્માતની ઘટના અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઈડરમાં ક્રિકેટની અદાવતમાં ઘાતકી હથિયારથી હુમલો, 3 વિરુદ્ધ ફરિયાદ

ઈડર

ઈડરમાં અગાઉ ક્રિકેટ રમવા બાબતે થયેલા ઝઘડાની અદાવત રાખી બુઢેલીના ત્રણ કોલેજના છાત્રોએ રોહન નામના છાત્રને અગમ્ય કારણોસર બસડેપોમાં બોલાવી માર-માર્યો હતો. બાદના રોહને તેના બનેવીને ફોન કરી બોલાવતા ત્રણ છાત્રોએ ઘાતક હથિયારથી હુમલો કરતા તેના તેના બનેવીને માથાના ભાગે અને પેટમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાબતે ઈડર પોલીસ સ્ટેશનમાં ત્રણ છાત્રો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

ઈડર શહેરમાં બસડેપોમાં ગતરોજ રોહનકુમાર બાબુભાઈ ચૌહાણ (ઉ.વ.૧૮) ને કોઈ અગમ્ય કારણોસર બસડેપોમાં બોલાચાલી અગાઉ થયેલી ક્રિકેટના ઝઘડાની અદાવત રાખીને ધનપાલ (રહે.બુઢેલી, તા.ઈડર), સિધ્ધાર્થ (રહે.બુઢેલી, તા.ઈડર), વીકી (રહે.ભવાનગઢ) આ ત્રણેય ભેગા મળીને રોહનને માર મારતા રોહને તેના બનેવીને ફોન કરી બોલાવ્યા હતા અને તેને બચાવ માટે તેના બનેવી વિક્રમકુમાર આ ત્રણેય શખસોએ કટાર વડે શરીરમાં પીઠના ભાગે, હાથના ભાગે, માથાના ભાગે હુમલો કરીને નાસી છુટ્યા હતા.

આ હુમલામાં વિક્રમકુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં બંનેને સારવાર માટે ઈડર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં વિક્રમની હાલત વધુ ગંભીર જણાતા વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બનાવની ઘાયલોના સગા સંબંધીઓ દ્વારા આ ત્રણેય વિરૂધ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

## શ્રી બી.ડી.સાર્વજનિક વિદ્યાલયમાં ભારત સ્કાઉટ ગાઈડની જિલ્લા રેલીનું આયોજન

પાટણ

બી.ડી.સાર્વજનિક વિદ્યાલયમાં ભારત સ્કાઉટ ગાઈડ જિલ્લા સંઘ દ્વારા બી.ડી.હાઈસ્કુલમાં સમગ્ર જિલ્લાના શાળાઓના બાળકોને શિક્ષણની સાથે સહ અભ્યાસિક પ્રવૃત્તિ અને બાળકોના વિકાસ કરવા માટે જે ભારતીય વિચાર ધારામાં સેવાની પ્રવૃત્તિ જળવાઈ રહે તે હેતુથી સ્કાઉટ ગાઈડની જિલ્લા રેલી યોજાઈ હતી. આ પ્રસંગે આજ સમારંભના અધ્યક્ષ ચીનુભાઈ શાહ પ.પૂ.વિ.એસો. તરફથી સ્કાઉટ ગાઈડને ૫૦૦૦ રૂપિયા દાન પેટે આપવામાં આવ્યા. આ પ્રસંગે મુખ્ય મહેમાન જિલ્લા શિક્ષણાધિકારી વ્યાસ તથા હસુભાઈ, જશુભાઈ બોર્ડ પ્રતિનિધિઓ તેમજ સ્થાનિક સમિતિમાંથી આર.આર. શાહ તથા



મંગળભાઈ શાહ તેમજ સ્કાઉટ ગાઈડના પ્રમુખથી કાન્તિભાઈ, કાનજીભાઈ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર સ્કાઉટ ગાઈડ પ્રવૃત્તિને વેગ આપવાનું આહવાન કરવામાં આવ્યું. આજે જિલ્લામાં રેલી ખુલ્લી મુકવામાં આવી હતી.

# çkxkxk¼kð{k{ ËeÞÚkðík: rsÕ-kLky ÚkËkn[ {åÞw

ÃkkÞ{k÷ ðuÃkkheykuLku çkxkxk Lkn¢ Ãký çkxkxk
ðuÃkkheyku ¾uíkhku{kt Lk Vhfíkk ¾uzqíkkuLku

zeMkk ¼hík MkwtËuþk

zeMkk Mkrník çkLkkMk 'çkxkxkLkwt nçk' økýkÞ Ãký çkxkxkLkwt çkBÃkh Au Ãkhtíkw çkxkxkLkk ð»koÚke AðkÞu÷e {tËe MkwÃke søðkE hne A ðuÃkkheykuLku çkkhËk Ãký VktVk Ãkze økÞk ¾uzqíkku Ãký WAeLkk- çkkhËkLk ÷kðe çkxk Mxkuhuòu{kt {wfðk ÷køÞ MkhnËe çkLkkMkfktX

# økýÃkÂíkÃkwò¼hk MkkeÎ Lkk 'NkÞLkNkzu Lke Vsðý e

104 Mkuxu÷kEx - ÷kU[Lke rMkæÄe ÃkAe ËwrLkÞkLkk yLkuf ËuþkuLkk





økýÃkÂíkÃkwò¼hk MkkeÎ 'yðfkþ rð¿kkLk ûkuºku ...' 104 Mkuxu÷kEx ...

ÃkkuíkkLkk 'ytíkrhûk fkuÃkkuohuþLk' îkhk ¼khík ð»kuo - Ënkzu YrÃkÞk Ãk

# zeMkk{k{kt ¼kzuy kW {fk™.[.kðe .kzŒk{kŒk.%k, ] {uVrnÞË

21 ÷k¾ Yr…Þk™ku ¾kuxku MxuB… fhe Œkus {fk™ ¾k÷e fhðk™wt fnuŒk {fk™ {kr÷fu

zeMkk ...

ykuxu rhûk xuûk{kt íkkuíkªøk ðÃkhkþ Ãkkuíkku{kt

# Ãkkey rhûkPwÞLk î kk{k{÷íkËk Lky ðËLkk

Mkku{ðkhu Ãkk÷LkÃkwh{kt heûkkLkk Ãkitzk Úkt

# zeMkk{kt çkk{{kt íkeðkÞ hLkwLkh eLkkuLke hý

Ãkkr÷fkLke Lkkuxe fkuLxÙkfxh îkhk Mk fk{ þY fhkÞwt

¼hík MkwtËuþk

hkuzLke ºký ð»koLke økuh

# ykÞu VkøýeÞ



rðLkkuËe çkktzeðk÷k

# ÚkhËLkkz ðkk{kt Ãkrk÷zh Vxíkk½hð¾hLkku{þkk

MkËLkMkeçkku òLkkrLk x¤e



# ËwLkkf kE Ëp{ k÷kh kÂfkLkk Lký kWkeLk þf ûkðkf kÞLkÚke {ýe¼E ð÷þk

Ãkw»fh økkuMkkf{e



મકાન વેચવાનું છે
પાલનપુરમાં હોસ્પિટલ લાયક મકાન
(ભોયરૂ-પાર્કીંગ, બીજા કોલમ વાળુ)
શેડ સાથે ૩૧૭૧ ચો.ફુટ. હોસ્પિટલો,
ડાં.હાઉસની નજીક વેચાણથી આપવાનું છે.
મો.૯૪૨૭૦૬૪૮૧૪